# નટરાજ સી.પી. સ્કૂલનું સ્વપ્ન સાકાર થયું

## દર્દીને ના પાડી દેવાથી ફરજ પૂરી થતી નથી

સોસાયટી તરફથી ભારતભરમાં પોલિયોના કેમ્પ ચાલતા હતા. તેમાં બાળકોનું ઓપરેશન કરીને કેલીપર તથા ફિઝિયોથેરાપીની મદદથી તેને ચાલતાં કરવામાં આવતાં. બાળકને ઓપરેશનની જરૂર છે કે નહીં તે નક્કી કરવા અમે ગામે ગામનિદાન કેમ્પનું આયોજન કરતાં. તેમાં અસંખ્ય વિકલાંગ બાળકો આવતાં, તેમાં બધાં પોલિયોનાં દર્દી ન હતાં. પોલિયો જેવા લક્ષણ ધરાવતા બાળકોને પણ લોકો પોલિયો સમજી લઈ આવતાં. ત્યારે તપાસમાં આવાં બાળકોનાં કેસ પેપરમાં, 'ઓપરેશન થઈ શકશે નહીં, સી.પી.' અને એડવાઈઝમાં ''ફિઝીયોથેરાપી'' એમ લખીને ડૉક્ટરો ઓપરેશનની ના પાડી દેતા. પછી વાલી કાઉન્સેલિંગમાં આવે એટલે વ્યાસસાહેબ તેને સમજાવે, 'જુઓ, આને પોલિયો નથી, મગજનો લકવા છે. એને સી.પી. કહેવાય. ગામમાં સગવડતા હોય તો ફિઝીયોથેરાપી કરાવજો. બાકી આનો કોઈ ઉપાય નથી.' આ સાંભળીને વાલીઓ કોથળાની ગૂણ ઉપાડે, એમબાળકને ખભે ઉપાડી નિરાશ વદને પોતાના ગામની વાટ પકડતાં. આવાં હૃદયદ્રાવક દ્રશ્યો જોઈને મનમાં પ્રશ્ન થતો, આનો ઉપાય શું ? આમના પાડી દેવાથી આપણી ફરજ પૂરી થતી નથી. કંઈક કરવું તો જોઈએ.

**જુઓ આને પોલિયો નથી મગજનો લકવા છે. એને સી.પી. કહેવાય આનો કોઇ ઉપાય નથી. આ સાંભળીને વાલીઓ કોથળાની ગુણ ઉપાડે એમ બાળકને ખભે ઉપાડી નિરાશ વદને પોતાના ગામની વાટ પકડતા**

## ગુજરાતમાં શૂન્યાવકાશ

સેરેબ્રલ પાલ્સી-મગજનો લકવા બાળકના પૂરા જીવનને પ્રભાવિત કરે છે. આ કોઈ રોગ નથી, પરંતુ એક સ્થિતિ છે. એવી જ રીતે આ કોઈ વારસાગત ખામી નથી, પરંતુ ખામી મગજના વિકાસની છે. શરીરની ગતિવિધિઓને કે તેના વિવિધ પૉશ્ચર (ઊઠવું, બેસવું, ચાલવું, દોડવું વગેરે)ને નિયંત્રિત કરતો મગજનો ચોકકસ ભાગ અથવા મોટા ભાગના મગજને નવજાત શિશુના જન્મપહેલાં, જન્મસમયે, કે જન્મપછી થતી ઈજા કે નુકશાનના પરિણામે મગજનો લકવા થઈ શકે છે. આ કાયમી સ્થિતિ હોવાથી, ઈજાગ્રસ્ત બાળક સંપૂર્ણ સામાન્ય વ્યકિત બની શકતી નથી.



વહેલાસરનાં નિદાન, સારવાર, વિશિષ્ટ શિક્ષણ અને તાલીમથી અસરગ્રસ્ત બાળક, જીવનનાં કાર્યો કરવા સક્ષમબની, જીવન અર્થપૂર્ણ રીતે જીવી શકે. આવી શકયતા હોવા છતાં, ગુજરાતમાં આ ક્ષેત્રે

**સેરેબ્રલ પાલ્સી મગજનો લકવા બાળકના પૂરા જીવનને પ્રભાવિત કરે છે. આ કોઇ રોગ નથી પરંતુ એક સ્થિતિ છે.**

> **નિદાન  સારવાર શિક્ષણ અને તાલિમથી બાળક જીવનના કાર્યો કરવા સક્ષમ બની શકે છે.**

શૂન્યાવકાશ હતો. કોઈ કામ થતું ન હતું. તપાસ કરતાં, ચેન્નઈની સ્પાસ્ટિક સોસાયટી ઑફ તામિલનાડુની માહિતી મળી. આ સંસ્થા સી.પી. બાળકો માટે શિક્ષણ અને સારવારનું સારું કામકરતી હતી. સાથે તેના શિક્ષકોને તાલીમપણ આપતી હતી. તેના ડાયરેક્ટર શ્રીમતી આલોકા ગુહાને હું મદ્રાસ જઈને મળ્યો. 'ગુજરાતનો આ ક્ષેત્રે શૂન્યાવકાશ દૂર કરવા કોઈ તાલીમમાટે આવે, તો પછી કંઈક થઈ શકે'. એવો તેમનો અભિપ્રાય હતો.

## પુત્રી જિજ્ઞા તૈયાર થઇ

સ્પાસ્ટિક સોસાયટીનો અભ્યાસક્રમ અંગ્રજીમાં હતો એટલે ગુજરાતમાંથી કોઈ તેમાં જતું નહીં. મેં ઘણી બહેનોને ઓફર કરી, પણ એક વરસ ચેન્નઈમાં રહીને તાલીમલેવા કોઈ તૈયાર ન થયું, ત્યારે મેં મારી પુત્રી જિજ્ઞાને સમજાવી. માનસિક રીતે તૈયાર કરી. તે રજાઓમાં હંમેશાં મારી સાથે પોલિયો કેમ્પમાં સેવા આપવા આવતી, વળી તેને ફિઝીયોથેરાપીની સારવારમાં રસ અને રુચિ હતાં. ચેન્નઈમાં કોર્સ  શરૂ થઈ ગયો હતો. પહોંચવા માટે સમય ઓછો હતો. છતાં જિજ્ઞા ટૂંકા ગાળામાં તૈયાર થઈ, ચેન્નઈ જઈને ડેવલપમેન્ટલ થેરાપીનાં કોર્સમાં જોડાઈ. એક વર્ષમાં તે, સર્ટિફિકેટ ઈન સ્પેશ્યલ એજ્યુકેશન સેરીબ્રલ પાલ્સીનો કોર્સ કરી પાછી આવી પહોંચી.

જિજ્ઞા ચેન્નઈથી તાલીમ પૂરી કરીને આવતાંની સાથે જ  ૧૯૯૪માં, અમે અંધઉદ્યોગ શાળા કેમ્પસમાં, શ્યામસુંદર ફિઝીયોથેરાપી સેન્ટરની સાથે એક નાના રૂમમાં મગજના લકવાવાળાં બાળકોની સારવાર શરૂ કરી. મુંબઈના શાર્તુલ ફાઉન્ડેશને અમને સારવારના સાધનો અને ટોયૂઝ લાઈબ્રેરીની મદદ કરી.ધીમેધીમે લોકોને ખબર પડવા લાગી. ગામેગામથી દર્દીઓ આવવા લાગ્યાં. થેરાપી સેન્ટરની ઉપરના માળે પોલિયો હોસ્પિટલ હતી એટલે બહારગામના દર્દીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા પણ થઈ શકી. જિલ્લામાં સી.પી. ઉપરાંત સંલગ્નિત વિકલાંગતાઓ જેવી કે ઓટિઝમ, મંદબુધ્ધિ, બહુવિધ વિકલાંગતા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી વગેરે માટે નિદાન અને સારવારની કોઈ સુવિધા ન હતી. તે માટે જિજ્ઞાને ડિપ્લોમા ઈન બેઝિક ડેવલપેન્ટલ થેરાપીનો કોર્સ કરવા ફરી ચેન્નઈ મોકલી. જિજ્ઞા ચેન્નઈ જઈને આવી પછી આ વિષયનાં નિષ્ણાતોને ગુજરાત અને બહારથી એકત્રિત કરી અમે એક સરસ ટીમ બનાવી. આ ટીમ બાળકોની તપાસ, નિદાન અને સારવારનો પ્રોગ્રામ બનાવી, બાળકનાં પ્રોગ્રેસ ઉપર ધ્યાન આપતી. સાથે અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર શરૂ કર્યુ. ગુજરાતમાં આવું આ ફૂલ ફ્લેજ્ડ પહેલું સેન્ટર હતું. તેને ઘણો સારો રિસ્પોન્સ મળ્યો. આમ, વર્ષોની મહેનત પછી અમે ગુજરાતમાં, સેરીબ્રલપાલ્સી ક્ષેત્રે વ્યાપેલો શૂન્યાવકાશ દૂર કરવામાં સફળતા મેળવી.

> **સ્પાસ્ટિક સોસાયટીનો અભ્યાસક્રમ અંગ્રેજીમાં હતો ચેન્નાઇમાં રહીને તાલીમ લેવા કોઇ તૈયાર ન થયું મે મારી પુત્રી જિજ્ઞા ને સમજાવી તૈયાર કરી.**

ત્યાર પછી ૧૯૯૯માં ૧૫ સી.પી. બાળકોને લઈને થેરાપી સાથે, વિશિષ્ટ શિક્ષણની પણ શરૂઆત કરી. કમનસીબે વિકલાંગ ધારામાં, સી.પી. બાળકોનાં શિક્ષણ અને શિક્ષક માટે પ્રોત્સાહક નિયમો ન હતા. અમે આ માટે સરકારનું ધ્યાન દોરતાં રહ્યાં. પરિણામે, ૨૦૦૦ની સાલમાં ભાવનગરમાં સૌ પ્રથમ સંકલિત શિક્ષણમાં સી.પી., એમ.આર. બાળકોનો સમાવેશ થઈ શકયો. આ સફળતાથી અમારો ઉત્સાહ વધી ગયો.

## સી.પી. સ્કૂલની મંજૂરી

ભારત સરકારે પર્સન વિથ ડિસેબિલિટી એકટ (PWD) બનાવ્યો. પરંતુ દેશમાં જેની સંખ્યા લાખોમાં છે એવાં સેરીબ્રલ પાલ્સી બાળકોનો તેમાં સમાવેશ ન કર્યો. એટલે સી. પી. બાળકોની સ્થિતિ નહીં ઘરના નહીં ઘાટના જેવી થઈ. રેગ્યુલર સ્કૂલ તેને લેવાની ના પાડે અને વિકલાંગોમાં સમાવેશ નહીં. આ બાળકો જાય તો કયાં જાય ? સી. પી. બાળકો માટે ગુજરાતમાં એકપણ સ્પેશ્યલ સ્કૂલ ન હતી. સરકારમાં વીસ વરસ એકધારી

રજૂઆતના અંતે ૨૦૧૦માં, રાજયનાં સમાજ સુરક્ષા ખાતાએ સી. પી. બાળકોનાં શિક્ષણ અને સારસંભાળ માટે સ્પેશ્યલ સ્કૂલ, હોસ્ટેલ સાથે શરૂ કરવાની મંજૂરી આપી.

## નટરાજ સી.પી. સ્કૂલ બિલ્ડીંગનું સ્વપ્ન સાકારઃ પ્રમુખદાતા હિન્દુસ્તાન પેન્સિલ પ્રા. લિ.

આ સી.પી. સ્પેશ્યલ સ્કૂલ મળવાની સાથે અમે ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડનું અદ્યતન સ્કૂલ બિલ્ડિંગ બનાવવાનું નકકી કર્યું. પ્લાન તૈયાર કરાવતા પહેલાં, જિજ્ઞાએ બિલ્ડિંગમાં જરૂરિયાતની ઝીણામાં ઝીણી માહિતી એકત્રિત કરી. પછી આર્કિટેક્ટ રજનીકાંત મચ્છરને સાથે લઈને ચેન્નઈની સ્કૂલો જોઈ, તેના એકસપર્ટના ઓપીનિયન લીધા. છેવટે પ્લાન તૈયાર થયા. આ ૨૬,૦૦૦ સ્કે. ફૂટના



ભૂમીપૂજનમાં ભારતીબહેન, જયશ્રીબહેન અને હર્ષાબહેન સંઘવી



ઉદ્‌ઘાટન - દિપપ્રાગટ્ય : ડાબી બાજુથી જયશ્રીબહેન, ભારતીબહેન, હરેનભાઈ અને કીર્તિભાઈ સંઘવી, પાછળ હર્ષાબહેન અને બિનાબહેન



સ્વ. કિશોરભાઈ સંઘવીની તસ્વિરને ફૂલહાર



હિન્દુસ્તાન પેન્સિલ્સ પરિવાર

**બાબુભાઇ સંઘવી પરિવારના અગ્રણી ભારતીબહેન, કીર્તિભાઇ અને હરેનભાઇએ કિશોરભાઇ સંઘવીની સ્મૃતિમાં આ પ્રોજેક્ટ માટે રૂપીયા એક કરોડ પચાસ લાખનું અનુદાન આપ્યું.**

બાંધકામ માટે રૂપિયા ૩ કરોડની જરૂર હતી. સંસ્થાના શુભચિંતક બાબુભાઈ સંઘવી હવે હયાત ન હતા. પરંતુ તેમના પરિવારના અગ્રણી ભારતીબેન, કીર્તિભાઈ અને હરેનભાઈ હિન્દુસ્તાન પેન્સિલ્સે, કિશોરભાઈ સંઘવીની સ્મૃતિમાં આ પ્રોજેક્ટ માટે રૂપિયા એક કરોડ પચાસ લાખનું અનુદાન આપવાની મારી વિનંતી સ્વીકારી. અને મેચિંગ ફંડની બાકી રકમ માટે મુ. નટવરભાઈએ અભિયાન ચલાવ્યું અને એક વરસમાં અમે દેશની સૌ પ્રથમ સી. પી. સ્કૂલની અદ્યતન ઈમારત ઉભી કરી સ્વપ્ન સાકાર કરી શકયાં. ૨૨ ઓગસ્ટ ૨૦૧૦નાં મે. હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા. લિ. પરિવારની ઉપસ્થિતિમાં શ્રીમતી ભારતીબેન કિશોરભાઈ સંઘવી, વગેરેનાં વરદ્‌હસ્તે, આ બિલ્ડિંગનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું અને ૧૦ માર્ચ ૨૦૧૨નાં શ્રી મોહનભાઈ પટેલના વરદ્‌હસ્તે અદ્યતન સ્કૂલ બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું.

## તાલીમી માનવ બળ

હવે અમે સમગ્ર ગુજરાતમાં સેરીબ્રલ પાલ્સીનું કામ શરૂ થાય તે માટે માનવબળ તૈયાર કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. નટરાજ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર તૈયાર થઈ ગયુ હતું. આ કૉલેજમાં રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની માન્યતા મેળવીને, સી.પી.ના શિક્ષકો માટે ૨૦૦૫માં ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો. તેમાંથી ૨૦૧૮ સુધીમાં ૧૨૫ સ્પેશ્યલ ટીચર બહાર પડયાં. ત્યાર પછી આવાં બાળકોની સારસંભાળ લઈ શકે તેવા કેરટેકર તૈયાર કરવા નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હીનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યો. તેમાંથી ૨૫૦ કેરટેકર બહેનો અને ભાઈઓ બહાર પડયા. આમ આ વિશેષ તાલીમપામેલું માનવબળ સમગ્ર ગુજરાતમાં ફેલાઈ ગયું.

## ઠેરઠેર સેવા કેન્દ્ર

ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ આવે અને સેરીબ્રલ પાલ્સીના દર્દીઓને ઘર આંગણે નજીકમાં સેવા મળી રહે તે માટે, ભાવનગરમાં બે સેન્ટર ઉપરાંત તળાજા, મહુવા, સિહોર અને પાલિતાણામાં અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર ઊભા કરવામાં આવ્યાં છે. જયાં ફિઝિયોથેરાપીની નિયમિત સેવા

**ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ આવે અને સેરીબ્રલ પાલ્સીના દર્દીઓને ઘર આંગણે નજીકમાં સેવા મળી રહે તે માટે ભાવનગરમાં બે સેન્ટર ઉપરાંત તળાજા, મહુવા સિહોર અને પાલિતાણામાં અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર ઉભા કરાવમાં આવ્યાં છે.**

માટે હંમેશાં ૨૦ થી ૨૫ બાળકો આવે છે. ૧૯૯૪ થી ૨૦૧૮ સુધી ૫૦૦૦ જેટલાં બાળકોએ આ સેવાનો લાભ લીધો છે. ઉપરાંત સુરત, કપડવંજ, બોટાદ, કેશોદ, જુનાગઢ, અમરેલી અને દીવમાં સંસ્થાના માર્ગદર્શન નીચે સી.પી. સેન્ટરો શરૂ થયાં છે. સંસ્થા દ્વારા શિક્ષકો, માતાઓ, નોન પ્રોફેશનલ વ્યકિતઓ,ડૉક્ટરો વગેરે માટે ટૂંકા ગાળાના સેમિનાર, વર્કશોપ અને CRE તેમજ, સ્ટેટ અને નૅશનલ લેવલની ઈન્ક્લ્યુઝન અને ઓટિઝમના અતિ સંવેદનશીલ વિષય પરની કોન્ફરન્સનું પણ સફળ સંચાલન થયું છે.

## મિસિસ આલોકા ગુહા અને સેવાને સમર્પિત જિજ્ઞા

આ સેરીબ્રલ પાલ્સી સેન્ટરમાં મિસીસ આલોકા ગુહા (જિજ્ઞાનાં શિક્ષાગુરુ) એ એક્સપર્ટ કન્સલટન્ટની સેવા આપવાનું સ્વીકાર્યું છે . આ ઉપરાંત શ્યામસુંદર ફિઝિયોથેરાપી સેન્ટરના ફિઝિયોથેરાપીસ્ટ મીનુબેન લાલાણી તથા ઓક્યુપેશનલ

**ગુજરાતમાં સેરીબ્રલ પાલ્સીના ક્ષેત્રમાં શૂન્યાવકાશ દૂર કરવાના વિચારને જિજ્ઞા એ જીવનનું મિશન સમજી પોતાની જાતને સમર્પિત કરી દીધી છે.**



અલોકા ગુહા



સી.પી. સ્કૂલમાં કમ્પ્યૂટર ટ્રેનિંગ



જિજ્ઞા શાહ

થેરાપીસ્ટ અમિત મિત્રાએ પણ આ કામગીરીમાં જિજ્ઞા સાથે રહીને સતત માર્ગદર્શન અને એક્સપર્ટાઈઝેશન સાથે પોતાની સેવા આપી છે. ગુજરાતમાં સેરીબ્રલ પાલ્સીના ક્ષેત્રમાં શૂન્યાવકાશ દૂર કરવાના વિચારને જિજ્ઞાએ, જીવનનું મિશન સમજી પોતાની જાતને સમર્પિત કરી દીધી છે.



સી.પી. સ્કૂલમાં ફિઝિયોથેરાપી

# વંચિત વિકલાંગોને પગભર કરવાનો સેવાયજ્ઞ AT&T ટેકનોલૉજી પાર્ક પ્રફુલ્લભાઇ શાહનું બ્રેઇન ચાઇલ્ડ



## ઇન્ફર્મેશન ટેકનોલૉજીનો ચમત્કાર

હલનચલનની ખામીવાળાં, શ્રવણમંદ, પ્રજ્ઞાચક્ષુ, સેરેબ્રલ પાલ્સી અને મંદબુધ્ધિ જેવી વિવિધ વિકલાંગતા ધરાવતાં, વંચિત વિકલાંગ યુવક અને યુવતીઓ માટે નિદાન, સાર-સંભાળ, શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમની પ્રવૃત્તિ પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓમાં વર્ષોથી અમે કરી રહ્યાં છીએ, પરંતુ અનુભવે જણાયું કે આ યુવક-યુવતીઓ શિક્ષણ મેળવ્યા પછી પણ નોકરી મેળવવામાં કે વ્યવસાય શરુ કરવામાં અનેક સમસ્યાઓનો સામનો કરે છે. અને તેમાં પણ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વસતાં વિકલાંગોને રોજગાર મેળવવાની સમસ્યા વધુ વિકટ હોય છે. એક તો શારીરિક અક્ષમતાની મર્યાદા, વળી પાછું શિક્ષણ ઓછું, એટલે તે કરી શકે તેવી જોબની યાદી બહુ મર્યાદિત થઈ જતી હતી. પરંતુ હવે ઈન્ફર્મેશન ટેકનોલોજીએ ચમત્કાર કર્યો છે, જે વિકલાંગો માટે વરદાન સાબિત થઈ રહી છે.

## એ.ટી.એન્ડ ટી. ટૅકનૉલૉજી પાર્કની સ્થાપના

વર્ષ ૨૦૦૦માં વિકલાંગોને કોમ્પ્યુટરની વ્યાવસાયિક તાલીમઆપી તેમને સ્વનિર્ભર બનાવવા, એવો પ્રસ્તાવ મૂળ ભાવનગરના વતની અને હાલ અમેરિકામાં રહેતાં શ્રી પ્રફુલ્લભાઈ શાહ અમારી સમક્ષ લઈને આવ્યાં. તે સમયે આ પ્રોજેક્ટ અશક્ય લાગતો હતો. પરંતુ પ્રફુલ્લભાઈનો ઉત્સાહ જોયા પછી અમે આ પ્રસ્તાવને સ્વીકારી લીધો અને 'એ.ટી.ઍન્ડ ટી. ટેકનોલોજી પાર્ક' નામનો કોમ્પ્યુટર વિભાગ શરૂ કરવા માટે વર્ષ ૨૦૦૧ માં બહેરાંમૂંગા શાળાએ છાત્રાલય બિલ્ડિંગમાં જગ્યા ફાળવી. ત્યારે ભાવનગર જિલ્લામાં વિકલાંગ યુવક-યુવતીઓ કોમ્પ્યુટરની તાલીમ મેળવી શકે તેવી કોઈ સગવડતા ન હતી. એવા સંજોગોમાં વિકલાંગોને અત્યંત ઉપયોગી એવી કમ્પ્યુટરની તાલીમ આપવા માટે પ્રફુલ્લભાઈએ, શૅર ઍન્ડ કેર ફાઉન્ડેશન - યુ.એસ.એ. દ્વારા અમેરિકાની એ.ટી.ઍન્ડ ટી. કંપનીની આર્થિક સહાય મેળવી આપી. સાથોસાથ કંપનીએ તેના લોગોનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપી. આ વિભાગ શરૂ કરવાની કામગીરીમાં શ્રી પ્રફુલ્લભાઈની સાથે શૅર ઍન્ડ કેર યુ.એસ.એ.ના જયંતભાઈ શ્રોફ પણ જોડાયા. ટેકનિકલ અને એડમિનિસ્ટ્રેટિવ ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવામાં જયંતભાઈ રાજયગુરુએ પોતાનું મહત્વનું યોગદાન આપ્યું. જયારે બહારગામથી આવતાં તાલીમાર્થીઓ માટે રહેવા-જમવાની હોસ્ટેલની સુવિધા અમે અંધશાળા કેમ્પસમાં પી.એન.આર. હોસ્પિટલમાં કરી શકયા.

# પ્રફુલ્લભાઈનું બ્રેઈન ચાઈલ્ડ

૨૦૧૮માં અઢાર વરસના અંતે ૧,૦૦૦ જેટલાં વિકલાંગ યુવક-યુવતીઓએ આ વિભાગમાં તાલીમ મેળવી. આ સમય દરમ્યાન આ વિવિધ કોર્સમાં ૨,૬૦૦ જેટલાં તાલીમાર્થીઓનું એનરોલમેન્ટ થયું હતું. આ વિભાગમાં કોમ્પ્યુટર બેઝિક, ફોટોશોપ, ડીટીપી, હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ, એકાઉન્ટિંગ, મોબાઈલ રીપેરિંગ, ઈન્ટરનેટ, ઓનલાઈન એપ્લિકેશન વગેરે કોર્સની તાલીમ, વિકલાંગો માટે આશીર્વાદરુપ બની રહી છે. વિકલાંગોને નોકરીની નવી તકો પ્રાપ્ત થઈ તો કેટલાકે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો.આમ, આર્થિક સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવામાં આ તાલીમે મહત્વનો ભાગ ભજવ્યો.

આ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, પ્રફુલ્લભાઈનું બ્રેઈન ચાઈલ્ડ છે. જોમ અને જુસ્સાથી ભરેલા પ્રફુલ્લભાઈ, અમેરિકા બેઠા આ ટ્રેનિંગ સેન્ટરની ચિંતા કરે છે. ટેકનોલોજી પાર્ક શરૂ કર્યા પછી અમે જયારે આર્થિક કટોકટી અનુભવતા હતાં ત્યારે, આ સેન્ટર કાયમી ધોરણે ચાલુ રાખી શકાય એ માટે પ્રફુલ્લભાઈએ ફંડ ડ્રાઈવ કરીને દોઢ કરોડથી પણ વધુ રકમનું કોર્પસ ફંડ મેળવી આપી અમને ચિંતામુકત કર્યા.

**૨૦૧૮માં અઢાર વરસના અંતે ૧૦૦૦ જેટલા વિકલાંગ યુવક યુવતીઓએ આ વિભાગમાં તાલીમ મેળવી.**

**એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક પ્રફુલ્લભાઈનું બ્રેઈન ચાઈલ્ડ છે.**

# મહેશભાઈ નૈથાણીનું માતબર દાન



ન્યુયોર્ક - અમેરિકામાં વસતાં મહેશભાઈ નૈથાણી ફાર્માસ્યુટીકલ રીસર્ચ કંપનીના ફાઉન્ડર અને ચેરમેન છે, તેમણે એકલાએ જ આ ફંડ ડ્રાઈવમાં એક લાખ ડોલરનું માતબર દાન કોર્પસ ફંડ માટે આપીને, આ પ્રોજેકટ ચાલુ રાખવા અમને પ્રોત્સાહિત કર્યા છે. આ વિભાગનું સફળ સંચાલન સુકેતુ શાહ, કૌશિક પરમાર, મેહુલ બુધેલિયા અને જુદા-જુદા વિષયનાં તજજ્ઞો દ્વારા થઈ રહ્યું છે. આ વિભાગમાં સંઘર્ષ કરીને તૈયાર થયેલા તાલીમાર્થીઓએ ‘એબલ્ડ નોટ ડિસેબલ્ડ’ એ વિધાનને સાચું ઠેરવ્યું છે. તેમાંનાં કેટલાંકની સાફલ્યગાથા અહીં પ્રસ્તુત છે.

# એબલ્ડ ... નોટ ડિસેબલ્ડ

## નરેન્દ્ર રમેશચંદ્ર ભટ્ટ



બંને પગે વિકલાંગતા ધરાવતા નરેન્દ્રભાઈએ તાલીમલીધી, તે ચાલી શકતા નથી. હાલમાં ભાવનગરમાં,‘‘વૉગ ગ્રાફિકસ’’ ના નામે ગ્રાફિક ડિઝાઈનનો પોતાનો વ્યવસાય કરે છે. ઉપરાંત ડીટીપી કોર્સના વિઝિટિંગ ફેકલ્ટી તરીકે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં સેવા આપે છે.

## ગૌતમ મહાશંકર ધાંધલ્યા



૧૦૦ ટકા શ્રવણમંદ હોવા છતાં, તાલીમમાં સફળ રહ્યા. તે કોમ્પ્યુટરની પેજમેકર એપ્લિકેશનમાં મજબૂત પકડ ધરાવે છે. ભાવનગરના ખ્યાતનામવર્તમાનપત્રમાં ટાઈપિંગ, કરેકશન, પેજ સેટિંગ વગેરે આકર્ષક રીતે કરી શકે છે.

## જીગર પ્રવીણચંદ્ર ખિલોસીયા



એ.ટી. ઍન્ડ ટી.નાં વિદ્યાર્થી ૧૦૦ ટકા શ્રવણમંદ હોવા છતાં, આંખો માટેના લેન્સ બનાવતી ભાવનગરની ''સ્પેક્ટ્રાવિઝન'' કંપનીમાં, કોમ્પ્યુટર પર સરળતાથી કામકરી રહ્યા છે.

## હિતેશ ઓઝા



એક હાથે ખોડ છે. છતાં તાલીમ લીધી. એક હાથે કોમ્પ્યુટર પર કામકરવું લગભગ અશક્ય બરાબર છે. પી.એન.આર. સોસાયટીની જ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસમાં, કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા માટે નિમણૂક પામ્યા, ચેલેન્જ સ્વીકારી. હાલમાં સંસ્થાનું મેગેઝિન ''કોશિશ થી કામયાબી'' નું બધું જ ટાઈપિંગ કરે છે.

## દિનેશ કાનજીભાઈ પટેલ



પગની વિકલાંગતા છે. તાલીમ લઈને પછી સિહોરની સર્વોત્તમ ડેરીના કોમ્પ્યુટરના મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ રાખેલ છે. માસિક રૂા. ૭૦,૦૦૦ ની આવક મેળવે છે. તેણે ચાર સમધારણ વ્યકિતઓને નોકરીમાં રાખ્યા છે.

## છગનભાઈ રણછોડભાઈ ખોડિફાડ



ઈન્ડિયન રેલવેમાં નોકરી મેળવવામાં સફળ થયા છે.

## કુ. અનુપા અરવિંદરાય શાહ



એક વખતની અમારી વિદ્યાર્થીની. ૧૦૦ ટકા શ્રવણમંદ છે. અન્ય શ્રવણમંદોને સાઈન લેંગવેજથી કોમ્પ્યુટર શીખવનાર ફેકલ્ટી બન્યા છે.

## સરલા મનસુખભાઈ સોલંકી



ગ્રામ્ય વિસ્તારનાં છે. બહુવિધ વિકલાંગ હોવા છતાં, ભારત સરકારના સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરીન કેમિકલ રીસર્ચ ઈન્સ્ટિટયુટ, ભાવનગરમાં નોકરી મેળવવામાં સફળ થયા છે.

# પી.એન. આર. ઈમ્પેકટ (યુ.કે.) પાર્ટનરશીપ પ્રોગ્રામનું મહત્વ

પોલિયો કરેકિટવ સર્જરીનું કામ જોયા પછી ઈમ્પેકટના ચેરમેન સર જોન વિલ્સન પી.એન.આર. ને એક નવી દિશા તરફ લઈ જવા ઈચ્છતા હતા. એ દિશા એટલે પ્રિવેન્શન અને કોમ્યુનિટિ બેઈઝડ રીહેબિલિટેશન (CBR) પ્રોગ્રામ. વર્ષ ૨૦૦૨માં અમારી વચ્ચે આ માટે પહેલો એમ.ઓ.યુ. થયો. પછી ઉત્તરોત્તર ૨૦૧૮ સુધી એમ.ઓ.યુ. થતા રહ્યા. આ પ્રોગ્રામ માટે ઈમ્પેકટે અમને ભરપૂર પૈસા આપ્યા. તેમાં થર્ડ પાર્ટનર તરીકે વર્ષ ૨૦૧૩માં પ્રવીણભાઈ દલાલ ફેમિલી ફાઉન્ડેશન પણ જોડાયું. જિલ્લાની ૨૭ લાખની વસતિને આવરી લેતા આ પ્રોગ્રામે લાખો બાળકો અને મહિલાઓ ખાસ કરીને દિવ્યાંગોનાં જીવન ઉપર કેવી અભૂતપૂર્વ છાપ છોડી છે તે આ નીચેનાં પ્રોજેકટ પરથી જાણવું રસપ્રદ બની રહેશે.

## પોલિયો ફ્રી ભાવનગર-મોટો પડકાર

રોગ થયા પછી ઉપચાર કરવો, તેનાં કરતાં તેને થતો જ અટકાવવો સારો. 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર' એ વૈજ્ઞાનિક સત્ય છે. એન્ટિબાયોટિક અને રોગ પ્રતિકારક રસીની શોધ, એ માનવજાતિને વિજ્ઞાનની

**રોગ પ્રતિકારક રસીની શોધ એ માનવજાતિને વિજ્ઞાનની મહાન દેન છે. પરિણામે લાખો-કરોડો જીવ મૃત્યુના ખપ્પરમાં હોમાતાં બચી ગયા.**

મહાન દેન છે. આ શોધ પછી પૃથ્વી ઉપરથી પ્લેગ અને શીતળા જેવા મહાભયંકર રોગ નાબૂદ થયાં. પરિણામે લાખો-કરોડો જીવ મૃત્યુના ખપ્પરમાં હોમાતા બચી ગયાં. ત્યાર પછી પોલિયોની રસીની શોધ થઈ. વિકસિત દેશોએ તેનો લાભ ઉઠાવીને પોલિયોના રોગને નાબૂદ કર્યો. આ શકય હોવા છતાં, ભારતમાં દર વર્ષે પોલિયોનો રોગચાળો ફાટી નીકળતો અને ૧૯૯૦માં ભાવનગર જિલ્લો અને વિશેષ કરીને તેના દરિયાકાંઠાનાં ગામડાંઓ પોલિયો એપિડેમીક માટે બદનામ હતો.

આવા ગંભીર સમયમાં, વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (WHO)એ ૨૦૦૦ની સાલ સુધીમાં દુનિયાનાં તમામ દેશોમાંથી પોલિયો નાબૂદ કરવાની ઘોષણા કરી અને સ્વૈચ્છિક સંસ્થાઓ(NGO)ને આ રાષ્ટ્રીય સેવામાં જોડાવા અપીલ કરી. વળી ઈમ્પેક્ટ યુ.કે.ના ચેરમેન સર જોન વિલ્સન, WHOની આ અપીલનો હકારાત્કમ પ્રતિસાદરૂપે,



ભાવનગર જિલ્લો

'પોલિયો ફ્રી ભાવનગર'ની ઝુંબેશ ઉપાડવાનું અમને કહી રહ્યા હતા. ૮૨૬ જેટલાં ગામડાં, જિલ્લાના ૧૨ તાલુકામાં વહેંચાયેલા હતાં. જિલ્લાની આ ૨૭ લાખની વસતિમાં વર્ષે ૬૫,૦૦૦ જેટલાં બાળકોનો જન્મ થતો તેમાં માત્ર ૩૦% બાળકોનું ૧૦૦% રસીકરણ થતું. આ અત્યંત નબળા રસીકરણને પહેલા તબકકામાં ૬૦% ને બીજા તબકકામાં ૯૯.૯% સુધી પહોંચાડવું તે એક મોટો પડકાર હતો.

## રક્ષિત બાળકોનું સ્ટેટસ

બહુ વિચારણા પછી આ પડકાર ઝીલી લેવાની અમે હામ ભીડી. ઈમ્પેક્ટ ઈન્ડિયાએ, બાળકે પોલિયોનાં કેટલા ડોઝ લીધાં, કેટલા નથી લીધાં વગેરે સંપૂર્ણ માહિતી મળી શકે એવો સોફ્ટવેર, સંસ્થાના કોમ્પ્યુટરમાં લગાવી આપ્યો. અમે મોટીવેટર



મોટિવેટર બહેનોનું ગ્રુપ

બહેનોની નિમણૂક કરીને તાલીમ આપી. તેનું કામ હતું ઘરેઘરે ફરીને ૦ થી ૫ વર્ષનાં રક્ષિત-અરક્ષિત બાળકની માહિતી મેળવી, માતાઓને સમજાવીને પોલિયોનાં બે ટીપાં પિવડાવવા માટે રસીકરણ કેન્દ્ર સુધી બાળકોને પહોંચાડવાનું. સંસ્થાના કાર્યકર અશ્વિનભાઈ પંડયાએ આ મોટિવેટર બહેનોની ટીમનું નેતૃત્વ કર્યુ. મોટીવેટર બહેનો થકી આ પ્રયોગ સફળ રહ્યો. જિલ્લામાં પોલિયો રસીકરણથી ૧૦૦ % રક્ષિત બાળકોનું સ્ટેટસ ઊંચું આવવા લાગ્યું.

## માઈક્રો પ્લાનિંગથી સફળતા

બીજી તરફ અમે જિલ્લાનાં તાલુકા મથકો અને શહેરોની શાળાઓ, કોલેજો અને સ્કાઉટ તથા રાષ્ટ્રીય સેવા યોજનાનાં વિદ્યાર્થીઓને આ રાષ્ટ્રીય કામમાં જોડયાં. ગામેગામ, શહેરેશહેરમાં હજારો વિદ્યાર્થીઓ રંગબેરંગી વેશભૂષામાં સજ્જ થઈને, હાથમાં 'રસી પીવડાવો-પોલિયો હટાવો'નાં પ્લેકાર્ડ લઈ સરઘસ કાઢી નીકળવા લાગ્યાં. આ સરઘસમાં બળદગાડાં, ઊંટગાડી, હાથી-ઘોડા, બેન્ડ-વાજા અને માઈક ગાડી ઉપરાંત શણગારેલાં ટ્રક અને તેમાં પોલિયોનાં રાક્ષસનું પૂતળું રહેતું. જે શહેરના માર્ગો ઉપર ફરીને, છેલ્લે મેદાનમાં પોલિયોના રાક્ષસનું દહન કરીને વિખરાતું. આ સરઘસનું લોકોમાં ભારે આકર્ષણ હતું. ભાવનગરમાં સર જોન વિલ્સન, મહુવામાં કલેર હિકસ, લેડી પ્રાન્સ, ડૉ.સરધારવાલા વગેરે દેશ-વિદેશના મહેમાનો પણ તેમાં જોડાયા હતા. ભાવનગરમાં વ્યાસભાઈ અને મહુવામાં કિરિટભાઈ રાઠોડ વગેરે કાર્યકરો વર્ષોવર્ષ




પોલિયો રેલી



પોલિયો રાક્ષસ દહન

**૨૦૦૧ પછી ભાવનગર જિલ્લામાં એક પણ પોલિયોનો કેસ નોંધાયો નહીં. આમ માઇક્રો અને મેક્રો પ્લાનિંગ અને વર્ષોની જહેમતના અંતે પોલિયો ફ્રી ભાવનગર ના પડકાર ને પહોંચી વળવામાં અમને સફળતા મળી**

આ સરઘસના આયોજનની પ્રશંસનીય કામગીરી બજાવતા હતા.

૧૯૯૦ થી ૨૦૦૫, પંદર વરસમાં ભાવનગર જિલ્લાને ઘમરોળી નાંખ્યો ત્યારે માંડ જનજાગૃતિ વધી. હવે માતાઓ સામે ચાલીને પોતાના વહાલસોયા બાળકોનાં રસીકરણ માટે લાઈન લગાવવા લાગી. પલ્સ પોલિયો રાઉન્ડમાં જિલ્લાનાં બાળકોની સંખ્યા વધીને પાંચ લાખ આસપાસ પહોંચી. પરિણામે વર્ષ ૨૦૦૧ પછી ભાવનગર જિલ્લામાં એક પણ પોલિયોનો કેસ નોંધાયો નહીં. આમ માઈક્રો અને મૅક્રો પ્લાનિંગ અને વર્ષોની જહેમતના અંતે 'પોલિયો ફ્રી ભાવનગર'નાં પડકારને પહોંચી વળવામાં અમને સફળતા મળી.

## વિકલાંગ બાળ જન્મ અટકાવવા રૂબેલા રસીકરણ ઝુંબેશ ભણેલાં ભૂલ ખાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના અભિપ્રાય મુજબ, ભારતમાં


રૂબેલા રસીકરણ

સગર્ભા માતાઓમાં રૂબેલાનાં ચેપને કારણે અંધાપો, બહેરાશ, હૃદયમાં ખામી અને મંદબુધ્ધિ બાળકોનાં જન્મનું પ્રમાણ ઘણું ઊંચું છે. સરકારના આરોગ્યલક્ષી કાર્યક્રમમાં હજી રૂબેલા વૅક્સિનનો સમાવેશ નથી અને સગર્ભા માતાને રૂબેલાનો ચેપ નવજાત શિશુ માટે મૃત્યુ કે અપંગતાનો સંદેશ લઈને આવે છે તેની સમાજમાં મોટાભાગનાં લોકોને ખબર સુધ્ધાં નથી! અમારી શાળાઓમાં દાખલ થવા આવતાં બાળકોની માતાઓમાંથી ઘણી બધી માતાઓએ સગર્ભાવસ્થા દરમ્યાન તેને રૂબેલા જેવું કંઈક નીકળ્યું હતું તેમ જણાવ્યું છે, પરંતુ તેની ગંભીરતાની તેને તે સમયે ખબર ન હતી. આમાં ફકત અભણ નહીં, ભણેલાં પણ ભૂલ ખાય છે. તેમાં જલંધરથી કુસુમબેન સાથે મુંબઈના EAR સેન્ટરમાં ભણવા આવેલી ડૉક્ટરની ભણેલીગણેલી પત્ની અરુણા પણ છે. તે પ્રેગનન્ટ થઈ ત્યારે તેને રૂબેલા નીકળ્યો. ENT સર્જન પતિને પૂછયું, 'મારા બાળકને કંઈ વિપરીત અસર તો નહીં થાય ને?' એક વ્યવસાયી અને નિષ્ણાંત ડૉક્ટરના ઉત્તરદાયિત્વને ભૂલીને ડૉક્ટરે પત્નીને બેજવાબદારી ભર્યો ઉત્તર આપ્યો, 'આવું શું વિચારે છે. આમાં બાળક પર વિપરીત અસર શું થાય?' આમ નેગેટિવ થિંકીંગ નહીં કરવાનું'. ડૉક્ટર પતિની આ સલાહ પછી શ્રવણમંદ ગીતાનો જન્મ થયો ! સામાન્ય રીતે મોટા ભાગનાં રૂબેલાનાં દર્દી રોગના નિદાન વગર ત્રણથી ચાર દિવસમાં સાજા થઈ જતા હોય છે અને તેની ખાસ કોઈ આડઅસર થતી નથી. પરંતુ આ રોગ ગર્ભવતી સ્ત્રીને થાય ત્યારે તે ખૂબ જ જોખમી પૂરવાર થાય છે. કારણ કે રૂબેલા વાયરસ ગર્ભમાં રહેલ બાળક સુધી પહોંચી, ગર્ભસ્થ બાળકને અસર કરે છે. એટલું જ નહીં પરંતુ આ રોગ ગર્ભાવસ્થાનાં પ્રથમ ત્રણ માસ દરમ્યાન થાય તો, માતાને કસુવાવડ થવાની શકયતા પણ રહે છે. આમ રૂબેલા માતાને નહીં, પણ ગર્ભમાં રહેલા બાળક માટે અત્યંત ઘાતક નીવડી શકે છે.

આ રૂબેલાને આપણે નૂરબીબી, આખો કે ઓરી અથવા જર્મન મીઝલ્સના નામે ઓળખીએ છીએ. તે એક વિષાણુજન્ય રોગ છે અને કોઈ પણને ગમે ત્યારે થઈ શકે છે. તેમાં અળાઈ જેવા લાલ રંગના ટપકાં શરીર પર થાય છે. તે એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં હવા દ્વારા પહોંચે છે. આપણા દેશમાં લાખો લોકો તેનો ભોગ બને છે.

**સગર્ભા માતાને રૂબેલાનો ચેપ નવજાત શિશુ માટે મૃત્યુ કે અપંગતાનો સંદેશ લઇને આવે છે. તેની સમાજમાં મોટા ભાગના લોકોને ખબર સુધ્ધાં નથી. આમાં ફકત અભણ નહીં ભણેલાં પણ ભૂલ ખાય છે.**

# ઉપાય માત્ર રૂબેલા રસીકરણ

કમનસીબે એવી કોઈ દવા નથી, જે બાળકને ખોડખાંપણથી બચાવી શકે, માત્રને માત્ર રૂબેલા વિરોધી રસી જ વિકલાંગ બાળજન્મ અટકાવી શકે. પશ્ચિમના દેશોમાં રૂબેલાની રસી અપાય તો આપણે ત્યાં કેમ નહીં ? તપાસ કરી તો ખબર પડી કે પૂનામાં સિરમ ઈન્સ્ટિટ્યૂટ રૂબેલાની રસી બનાવે છે. ત્યારે એક રસીની કિંમત માત્ર રૂા. ૨૫ હતી. સ્ત્રી માતા બને તે પહેલાં જીવનમાં ફક્ત એક જ વખત આ રસી મૂકાવી લેવી જોઈએ.આટલી સીધી સાદી વાત હોવા છતાં, આપણે બેદરકાર છીએ. આને આપણા દેશનું દુર્ભાગ્ય કહેવું કે બીજુ શું કહેવું ? શહેરમાં અપ્રાપ્ય સેવાની સુવિધા ઊભી કરવાનો પહેલેથી જ અમારો પ્રયાસ રહ્યો છે. વર્ષ ૨૦૦૨માં ઈમ્પેક્ટ યુ. કે. સાથે સહયોગ કરીને અમે રૂબેલાનાં રોગથી માતાઓને રક્ષિત કરવાનું અભિયાન છેડ્યું.

# દ્વિધાનો અંત

રૂબેલા રસીકરણના પ્રોજેક્ટની શરૂઆત કરતી વખતે, તેની સફળતા માટે મને મનમાં શંકા હતી. એક તો અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા. તેમાં વળી પૈસા ખર્ચીને બહેનો રસીકરણ માટે આવશે કે કેમ? જો કામ એટલું સહેલું હોય તો દેશમાં બીજું કોઈ આ કામ કેમ નથી કરતું ? મનના સમાધાન માટે રૂબેલા અંગે ઘણું વાંચ્યુ, વિચાર્યુ, અંતે થયુ, કોઈ કરે કે નહીં, આપણે કામકરવા જેવું છે.

**રૂબેલા રસીકરણના પ્રોજેક્ટની સફળતા માટે મનમાં શંકા હતી.**

સમાજમાં જાગૃતિ આવશે, માતાઓ રૂબેલા રોગથી રક્ષિત થશે. ભાવી પેઢી તંદુરસ્ત બનશે. બસ, આથી વિશેષ શું જોઈએ ? મારા મનની દ્વિધાનો અંત આવ્યો.

# બે લાખ મહિલાઓ વિકલાંગ બાળ જન્મથી રક્ષિત બની

રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટનો અમલ કરવા અમે, અમારા કાર્યકર ચંદ્રિકાબેન બનજારાનાં નેતૃત્વમાં ટીમ બનાવી. પોતે એક સારાં નર્સ અને વકતા પણ ખરાં. સાથે કેતન રૂપેરા તથા અન્યોને મૂકયા, અને રૂબેલાનું ઈંજેક્શન આપવાનું હોય ત્યારે સ્થાનિક ડૉકટરને બોલાવી લેવાનું નકકી કર્યુ. ટીમ માટે એક વાહન ફાળવ્યું. સોમથી શુક્ર, એક ગામથી બીજે ગામ ગર્લ્સ હાઈસ્કૂલ, કૉલેજ, અને મહિલા મંડળોને ટાર્ગેટ બનાવ્યાં. આ ટીમ મહિલાઓની મિટિંગ કરે, પત્રિકાઓ વહેંચે, પ્રદર્શન ભરીને વિદ્યાર્થીઓને મોટીવેટ કરે. પછી વાલીના સંમતિપત્રનો કાગળ આપે. અમારા આશ્ચર્ય વચ્ચે રૂબેલા વેક્સિન આપવા જાય ત્યારે મહિલાઓની લાઈન લાગવા માંડી. પહેલાં વર્ષનો લક્ષ્યાંક ૩,૫૦૦નો સહેજમાં પૂરો થઈ ગયો. બીજા વર્ષે લક્ષ્યાંક થોડો વધાર્યો, એમ કરતાં કરતાં વરસનો લક્ષ્યાંક ૧૭,૦૦૦+ ક્રોસ થઈ ગયો.



ચંદ્રિકા બનજારા



કેતન રૂપેરા

પછી ટીમનું નેતૃત્વ કેતન રૂપેરાએ સંભાળ્યું હતુ. સાથે પ્રજ્ઞાબહેન ચૌહાણ નર્સ રહ્યાં. ૨૦૧૮ની સાલમાં ૧૬ વર્ષ પૂરા થયાં ત્યાં સુધીમાં બે લાખથી વધુ મહિલાઓને રૂબેલા રોગ સામે રક્ષિત કરવામાં આવી. રૂબેલા રસીકરણનાં અભાવે કેવી કેવી ઘટનાઓ બની છે તેનાં બે દ્રષ્ટાંત આપણે જોઈએ :- (૧) રચનાબહેન જોષી. ગામઃ ગઢડા. પેટમાં બાળક હતું. રૂબેલા (નૂરબીબી) નીકળ્યાં. બાળક અપંગ જન્મ્યું. થોડા સમય જીવ્યું અને મરી ગયું. પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો. પી.એન.આર.ની ટીમ રચનાબહેનને ઘરે પહોંચી. સમજણ આપીને રૂબેલા રસી આપી. ફરી સારા દિવસો


પ્રજ્ઞાબહેન ચૌહાણ


રચનાબહેન જોષી

આવ્યા. દીકરી જન્મી. તંદુરસ્ત છે. સવા વરસની થઈ ગઈ છે. દંપતી ખુશખુશાલ છે.

(૨) કિંજલબેન લુખી. ગામ: ગારિયાધાર તાલુકાનું નવાગામ. પ્રેગનન્સી દરમ્યાન રૂબેલાનો ચેપ લાગ્યો. રોગની ગંભીરતાની ખબર ન પડી. છોકરી જન્મી તો હૃદયમાં કાંણુ. શ્વાસ ચડે, બેશુધ્ધ થઈ જાય. શરીર ભૂરું પડી જાય. અંતે હૃદયનું ઓપરેશન કરાવ્યું. આ માંદગીમાં પૈસે ટકે ઘસાઇ ગયાં. બીજું બાળક રહે તે પહેલાં રૂબેલા રસી મુકાવવાની સલાહ મળી. સુરતમાં તપાસ કરી પણ કયાંય રસી મળી નહીં. મામાનાં ગામ મોખડકા આવી હતી. ત્યાંથી માહિતી મળી. પાલડી ગામે પી.એન.આર.ના કેમ્પમાં અંતે રસી મુકાવી. પછી પુત્ર જન્મ થયો. નામ રાખ્યું મંત્ર. આજે ચાર વરસનો થઈ ગયો. તંદુરસ્ત છે. અમારે બીજું શું જોઈએ?

**અમારા આશ્ચર્ય વચ્ચે મહિલાઓની લાઇન લાગવા માંડી. ૨૦૧૮ની સાલમાં ૧૬ વર્ષ પૂરા થયાં ત્યાં સુધીમા બે લાખથી વધુ મહિલાઓને રૂબેલા રોગ સામે રક્ષિત કરવામાં આવી.**

હવે રૂબેલા માટે સમાજમાં ઘણી જાગૃતિ આવી ગઈ છે. ઘણી સંસ્થાઓ, મંડળો સામે ચાલીને રૂબેલાનો કેમ્પ કરવા અમને બોલાવે છે. એટલું જ નહીં, પરંતુ રેડક્રોસ સોસાયટી, ભાવનગર, હનુમંત હોસ્પિટલ, મહુવા, દેવાંશી મેટરનિટી હોમ, મહેસાણાને મોટીવેટ કરતાં, પોતેજ રૂબેલા વેક્સિનેશનનું કામ શરૂ કર્યુ છે. સંસ્થાના કાર્યકર વ્યાસસાહેબની પ્રેરણાથી, તાજેતરમાં ભારત સેવક સમાજ, સુરેન્દ્રનગરે તો, એક રાઉન્ડમાં ૫૦૦૦ વિદ્યાર્થીનીઓને રૂબેલાની રસી મૂકીને રેકોર્ડ બ્રેક કર્યો છે. અને તેનું અનુકરણ બીજા NGO કરવા લાગ્યાં છે. તે એક મોટું સામાજિક પરિવર્તન છે.

આમ સોળ વરસની તપશ્ચર્યા પછી સમાજમાં આટલી જાગૃતિ આવી શકી. એટલું જ નહીં, પરંતુ અમે બે લાખથી વધુ મહિલાઓને રૂબેલા રસીકરણ કરીને વિકલાંગ બાળ જન્મથી રક્ષિત કરી શકયાં, તે આ ઝુંબેશનું જમા પાસું છે. મને શ્રદ્ધા છે કે ગુજરાતમાં વિકલાંગ બાળ જન્મને અટકાવવા માટે રૂબેલા રસીકરણની પહેલ કરવા માટેની આ કથા સુવર્ણ અક્ષરે લખાશે.

**એક સર્વે મુજબ સામાન્ય શાળાઓમાં ૧૫% થી ૨૦% બાળકોને ઓછી વધતી બહેરાશ હોય છે. ગાલપચોળિયા, ટાઇફોઇડ, ઓરી, અછબડા થવાથી પણ બહેરાશ આવી શકે છે.**

## બાળકોમાં અંધત્વ અને બહેરાશ અટકાવવાની ઝુંબેશ (પ્રિવેન્શન)

દેશમાં ૧૪ વર્ષ સુધીનાં બાળકોની સંખ્યા ૨૩ % થી વધુ છે. તે હિસાબે ભાવનગર જિલ્લામાં આંગણવાડી, બાલમંદિર અને પ્રાથમિક શાળાનાં પાંચ લાખ બાળકોનો લક્ષ્યાંક બનાવીને ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે.ના સહયોગથી બ્લાઈન્ડનેસ અને ડેફનેસ પ્રિવેન્શન પ્રોજેકટ વર્ષ ૨૦૦૨ માં શરૂ કર્યો. શાળાનાં બાળકોમાં રીફરેકિટવ એરર (વક્રીભવન) દૃષ્ટિની ખામી, માયોપિયા-ટૂંકી દૃષ્ટિ, ત્રાંસી આંખ, પાંપણ ઢળી જેવી-જેવી ખામી ઉપરાંત વિટામિન 'એ'ની ખામી જોવા મળે છે. જેને કારણે બાળકમાં ધીમેધીમે અંધાપો આવે છે. દેશમાં મોતિયા પછી રીફરેકિટવ એરરને કારણે સૌથી વધુ



બાળકો અંધ બને છે.

એવી જ રીતે જન્મથી બહેરાશ લઈને આવતાં બાળકોની વાત એક બાજુએ રાખીએ તો પણ, એક સર્વેક્ષણ મુજબ સામાન્ય શાળાઓમાં ૧૫ % થી ૨૦ % બાળકોને ઓછીવત્તી બહેરાશ હોય છે. ગાલપચોળિયાં, ટાયફોઈડ, ઓરી, અછબડાં થવાથી પણ બહેરાશ આવી શકે છે.

## ડૉક્ટરનાં વિકલ્પે હેલ્થ વર્કર


દેશની આ બાળ સંપત્તિને આરોગ્યમય તંદુરસ્ત જીવનનો વારસો આપવો તે દરેકની ફરજ છે. અમારી પાસે જિલ્લાનાં પાંચ લાખ બાળકોની આંખ અને કાનની તપાસનાં લક્ષ્યાંક એક વરસમાં પૂરું કરવાની સમસ્યા હતી. અમે સાધનોથી સજ્જ એક મોબાઈલ વાન તૈયાર કર્યુ. પરંતુ સોમથી શુક્ર રોજ ગામડામાં જવા કોઈ નિષ્ણાંત ડૉકટર તૈયાર થાય નહીં. આમ પણ દેશમાં વસ્તિના પ્રમાણમાં ડોકટરોની સંખ્યા મર્યાદિત છે. ત્યારે મને ચીનમાં માઓત્સે તુંગે અંતરિયાળ ગામડાંઓ માટે, ઉઘાડાપગા ડૉકટરોની ફોજ ઊતારીને દુનિયાને ચોંકાવી દીધી હતી તે વાત યાદ આવી. અને અમે WHO ની ગાઈડ લાઈન મુજબ તાલીમ પામેલાં હેલ્થ વર્કરથી બાળકોની પ્રાથિમક તપાસ કરાવવાનો અને એમાં 'ખામીવાળાં' જણાય એ બાળકોને, નિષ્ણાંત ડૉકટર પાસે લઈ આવવાનો વિકલ્પ પસંદ કર્યો અને કામ શરૂ કર્યુ.

## આંખની ખામી શોધવાની સરળ પદ્ધતિ



સુરેશ પારેખ




આંખની સમાંતર ૨૦ ફૂટનાં અંતરે E ચાર્ટ બાળકની ઊંચાઈએ મૂકીને પછી બાળકની ડાબી આંખ તપાસવા જમણી આંખને સ્વચ્છ રૂમાલથી ઢાંકતા. પછી બાળકને પ્રશ્ન પૂછતા 'E અક્ષરનાં પાંખડાં કઈ બાજુ છે ? ડાબી, જમણી, નીચે, કે ઉપર? જવાબ સાચો મળે તો આંખમાં તકલીફ નથી. આવી રીતે બીજી આંખને પણ તપાસતાં. એક પણ જવાબ ખોટો મળે તો તેનું નામ ખામી વાળાં બાળકોની યાદીમાં લખતા.

## કાનની બહેરાશ શોધવાની સરળ પદ્ધતિ



જિજ્ઞેશ પારેખ

ઓછું સાંભળતા બાળકને શોધી કાઢવા માટે, બાળકને જ્યાં ઊભું રાખ્યું હોય તે જગ્યાએથી ૧૦ ફૂટનાં અંતરે ઊભા રહીને, હોઠનું હલન-ચલન બાળકને ન દેખાય તેવી

રીતે, સામાન્ય અવાજમાં ૧,૨,૩ અથવા રામ, શામ એવા શબ્દો બોલવા. બાળક સાંભળીને ખોટો જવાબ આપે તો સમજવું કે તે ઓછું સાંભળે છે. આ બે પધ્ધતિ ઉપરાંત, કાન, નાક, ગળાની તકલીફ અને બીજી વિકલાંગતા જોઈને, તપાસણી પત્રકમાં ભરતા. આ યોજનાનાં પરિણામો બહુ ચમત્કારિક રહ્યાં.






## ચમત્કારિક પરિણામો

ટીમ સોમથી શુક્ર, ગામડાઓની શાળામાં પહોંચે. વર્ગની બહાર લોબીમાં હારબંધ બાળકોને ઊભા રાખી દે. એક હેલ્થ વર્કર ને એક શિક્ષક મિનિટોમાં ચકાસણી કરીને આરોગ્ય માટે જોખમી જણાય તે બાળકોને અલગ કરી દેતાં. પછી અમારા વાનમાં જાપાનનું ઓટો રીફેક્ટોમિટર USA નું વિઝન સ્કેચર, પોર્ટેબલ ઓડિયોમિટર જેવા કમ્પ્યૂટરાઈઝ સાધનોથી આંખ કે કાનની ક્ષતિનાં ઓટોમેટિક રિપોર્ટ તૈયાર થતાં. ઘણાં બધાં બાળકોને આંખમાં નંબર જોવા મળતા. સત્તર વર્ષમાં આંખની ખામીવાળા ૮૭,૮૦૩ બાળકોમાંથી ૭૫,૨૦૧ને આંખમાં નંબર હતાં તેને ચશ્માં આપ્યાં. ૮૭૧ ને આંખનાં ઓપરેશન કરી સાજા કર્યા, અને ૪૩૨ને અન્ય સારવાર આપવામાં આવી.

૯૯,૮૧૧ બહેરાશ ધરાવતાં બાળકોમાંથી, ઘણાંખરાનાં કાનમાં વેકરાં, મેલ, બોરનાં ઠળિયાં, કાંકરા હતાં. જેની સારવાર કરતાં જ બાળકો સાંભળતાં થઈ ગયાં. જયારે ૧,૪૯૭ બાળકોનાં કાનનાં પડદાની ટીમ્પિનોપ્લાસ્ટી વગેરે સર્જરી કરવામાં આવી અને ૧,૦૩૭ ને શ્રવણયંત્ર આપીને સાંભળતાં કરવામાં આવ્યાં.

**સત્તર વર્ષમાં આંખની ખામીવાળા ૮૭,૮૦૩ બાળકોમાંથી ૭૫,૨૦૧ને આંખમાં નંબર હતાં તેને ચશ્માં આપ્યાં. ૮૭૧ને આંખના ઓપરેશન કરી સારા કર્યા. ૯૯,૮૧૧ બહેરાંશ ધરાવતાં બાળકો સારવાર કરતાંજ સાંભળતા થઇ ગયાં.**
**૧,૪૯૭ બાળકોનાં કાનનાં પડદાની ટીમ્પિનોપ્લાસ્ટી વગેરે સર્જરી કરવામાં આવી અને ૧,૦૩૭ને શ્રવણયંત્ર આપીને સાંભળતાં કરવામાં આવ્યાં.**


## એક શિક્ષક એક દિવસ એક મિનિટ એક બાળક માટે આપે

વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૦ સુધી આ કામગીરી પારસ શાહની આગેવાની નીચે હેલ્થ વર્કરની ટીમે કરી. તેની મદદમાં બી.એન. દવે અને જીજ્ઞેશ પારેખ વગેરે હતા. ત્યાર પછી વર્ષમાં વધારીને પાંચ લાખ બાળકોની તપાસનો લક્ષ્યાંક કરાયો. તેમાં સુરેશ પારેખ અને મનસુખ દિહોરા જોડાયા. પરંતુ હવે લક્ષ્યાંકને પહોંચી વળવાનું મુશ્કેલ હતું. અમે, ‘એક શિક્ષક, એક દિવસ એક મિનિટ એક બાળક માટે આપે.’ એવી અપીલ કરી. તેને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો. હેલ્થ વર્કરોએ શાળાનાં આચાર્યને એક દિવસની તાલીમઆપી અને આચાર્યએ તેના શિક્ષકોને! આમસેવાભાવે શિક્ષકોએ રોજ એક બાળકની તપાસ કરીને, બે મહિનામાં તેના વર્ગનો અહેવાલ આપ્યો અને કામ સરળ થઈ ગયું.

## બાળકોની ત્રાંસી આંખની સમસ્યાનો ઉકેલ

ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે.ના સહયોગથી શાળાનાં બાળકોની આંખ અને કાનની તપાસનો કાર્યક્રમ શરૂ થયો ત્યારે રીફલેકટીવ ઍરર ઉપરાંત ૨ થી ૪ ટકા જેવી સંખ્યામાં ત્રાંસી આંખવાળા બાળકો મળવા લાગ્યાં. તેમાંનાં ૫૦% થી વધુ બાળકોને



BEFORE AFTER

જન્મથી ત્રાંસી આંખ હતી. સામાન્ય રીતે બંને આંખો એક સરખી, એક સાથે હલન ચલન કરે ત્યારે, બંને આંખોથી લેવાયેલ બંને પ્રતિબિંબને મગજ એક કરી, વસ્તુને થ્રી ડાયમેન્સનથી નિહાળવામાં સક્ષમ બને છે અને બાળક બરાબર જોઈ શકે છે. પરંતુ જો બંને આંખ જુદીજુદી દિશામાં જોતી હોય તો મગજ ગમે તે એક આંખનાં પ્રતિબિંબને નકારે છે. આથી લાંબા સમયે આ આંખને નુકસાન થાય છે. આંખનાં મસલ્સ નબળા હોવાને કારણે સર્જાતી આ ખામીને નિવારવા માટે ઘણાં ઉપાય છે. જે વહેલાસર કરવા જોઈએ પણ તે માટે કોઈ સુવિધા ભાવનગરમાં ન હતી. વળી સંસ્થાના અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરમાં આવતા સેરીબ્રલ પાલ્સી, ડાઉન સિન્ડ્રોમ, પ્રિમેચ્યોર બર્થવાળા બાળકોમાં પણ ઘણાં બધાને ત્રાંસી આંખની સમસ્યા હતી.

## લેડી એગ્રેમોન્ટની ઉદાર સખાવત



ત્રાંસી આંખવાળા બાળકોની આ સમસ્યાની વાત સાંભળી ઈમ્પેકટ યુ. કે. થી આવેલાં મહેમાન લેડી એગ્રેમોન્ટની સંવેદના જાગી ઉઠી. આ લેડી એગ્રેમોન્ટ, બ્રિટનનાં ઉમરાવ પરિવારનાં માયાળુ ગૃહિણી હતાં. અમે લંડન ગયા ત્યારે તેના પેલેસમાં અમને તેની સાથે લંચ લેવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું. તેમની સૂચનાથી અમે પિડિયાટ્રિક ઓપ્થેલ્મિક વિંગનો પ્રોજેકટ બનાવી મોકલ્યો અને રૂપિયા ૨૮ લાખ જેવી ઉદાર સખાવત કરી. અમે વિંગ સાથે લેડી એગ્રેમોન્ટનું નામ જોડીને ૨૫ ઓગસ્ટ ૨૦૦૬ એ ઉદ્‌ઘાટન કર્યુ.

**ત્રાંસી આંખવાળા બાળકોની પિડિયાટ્રિક ઓપ્થેલમિક વિંગના પ્રોજેકટ માટે રૂપિયા ૨૮ લાખ જેવી ઉદાર સખાવત કરી.**

## સેવાને વરેલા પિડિયાટ્રિક ઓપ્થેલમિક સર્જન ડૉ. જનક શાહ

આ કામ માટે સૌથી મોટી સમસ્યા પિડિયાટ્રિક ઓપ્થેલ્મિક સર્જનની હતી. ભાવનગર બહારથી જલદી આવવા કોઈ તૈયાર થતું ન હતું. ત્યારે અમારા કાર્યકર હેમા ઉદેશીએ મુંબઈના ડૉ.જનક શાહને દર એકબે મહિને ભાવનગર આવવા મનાવી લીધા. વર્ષ ૨૦૦૭થી નિરંતર ડૉ.જનક શાહ ને પત્ની પ્રીતિબેન સેવાર્થે ભાવનગર આવે છે. આજના સમયમાં આવા સેવાભાવી ડૉક્ટરો મળવા એ બાળકોનું સદ્‌ભાગ્ય છે. ડૉ.જનક શાહે વર્ષ ૨૦૧૯ સુધીમાં ૮૭૧ થી વધુ ત્રાંસી આંખ વગેરેની સર્જરી કરી ને અંધત્વ તરફ ધકેલાઈ રહેલાં બાળકોનાં જીવનમાં પ્રકાશના કિરણો રેલાવ્યાં છે.

આવા બાળકોમાં ખાસ કરીને દીકરીનાં મા-બાપ મનોમન યાતના ભોગવતાં હોય છે. સગપણ વખતે ત્રાંસી આંખ નડતર બને. તળાજા તાલુકાનાં પાવઠી ગામની દક્ષા જેઠવાને જન્મથી ડાબી આંખ ત્રાંસી હતી. મજુરી કરીને રળી ખાતાં પરિવારે એક ડૉકટરથી બીજા પાસે ધક્કા ખાધાં. ઓપરેશનનો ગજા બહારનો ખર્ચ કેમ કરીને કરવો? એ પ્રશ્ન સાથે માતા વસંતબહેન શાળા ચેકઅપ વખતે પી.એન.આર. ટીમ પાસે આવ્યાં. ઓપરેશન માટે દીકરી દક્ષાની પસંદગી થઈ. કોઈ ખર્ચ વગર દક્ષાની ત્રાંસી આંખ સીધી કરી આપવામાં આવતા મા-બાપ ચિંતા મુકત બન્યા.



**ડૉ. જનક શાહ (મુંબઈ) પિડિયાટ્રિક ઓપ્થેલમિક સર્જન સાથે આંખની સર્જરી કરેલા બાળકો**

# વયસ્કોમાં આંખના મોતિયાનો સમસ્યાનો ઉકેલ

અંધત્વ માટે આંખનો મોતિયો સૌથી વધુ જવાબદાર છે. ૬૦ વરસથી મોટામાં ૭૪% લોકોને મોતિયો હોય છે. દેશમાં દર વર્ષે અંદાજે ૨૦ લાખ મોતિયાનાં નવા કેસ ઉમેરાય છે.  છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. વગેરેએ મોતિયાને ‘નિવારી શકાય તેવો રોગ’ની કક્ષામાં મૂકેલો છે. સમયસર નિદાન કરી ઓપરેશન કરવાથી દર્દી સારા થઈ શકે છે.





દેશ અને દુનિયામાં ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકાર, અંધત્વ નિવારણ માટે મોતિયાના ઓપરેશન કરે છે. આંખનાં આ ઓપરેશનની સર્જરી માટે અદ્યતન ટેકનોલૉજિ આવી ગઈ છે. ભાવનગર જિલ્લામાં આ માટે ઘણું કામથતું હોવા છતાં દર્દીઓનું વેઈટિંગ લિસ્ટ રહેતું હતું. વર્ષ ૨૦૦૨માં પી.એન.આર. હોસ્પિટલમાં મોતિયાનાં ઓપરેશનની કામગીરી શરૂ કરી. તેમાં ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે. તથા રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમનો સહયોગ મળ્યો.

મોતિયાનાં ઓપરેશનની આ પ્રવૃત્તિ માટે અમારે સાધનો, તેમજ અદ્યતન ઓપરેશન થિએટર બનાવવા દાતાની જરૂર હતી. આ પ્રોજેક્ટ લઈને હું અને નટવરભાઈ દેસાઈ, મુંબઈમાં વૃજલાલભાઈ મહેતાને મળ્યા. તેમને પ્રોજેક્ટ પસંદ આવ્યો. તેઓએ રૂપિયા પંદર લાખની ઉદાર સખાવત કરી. અમે એ વિભાગને ‘શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા (અમરેલીવાળા) આંખ વિભાગ’ નામ આપ્યું.

મોતિયાની સમસ્યા ગામડાંઓમાં વિશેષ હતી. અમે મોબાઈલ મેડિકલ વાન સાથે ગામડાઓમાં નિદાન કેમ્પ શરૂ કર્યા. ઘર આંગણે તપાસ, પસંદગી પામેલા દર્દીને ભાવનગર સંસ્થાની હોસ્પિટલમાં આવવા-જવાની વ્યવસ્થાને સારો પ્રતિસાદ મળ્યો.

વર્ષ ૨૦૦૨ થી  સત્તર વરસમાં ૨,૩૫૮ નેત્ર નિદાન કેમ્પ યોજાયાં. તેમાં ૧,૧૦,૦૦૦ દર્દીઓની આંખની તપાસ થઈ અને ૧૫,૦૦૦ મોતિયાનાં ઓપરેશન થયા. આ જ્વલંત સિદ્ધિ માટે જાણીતા ઓપ્થેલ્મિક સર્જન ડૉ.નિલેશભાઈ પારેખનું માર્ગદર્શન અતિ ઉપયોગી સાબિત થયું.

**દેશમાં દર વર્ષે અંદાજે ૨૦ લાખ મોતિયાના નવા કેસ ઉમેરાય છે. સમયસર ઑપરેશન કરવાથી દર્દી સારા થઇ શકે છે.**

## દાયણ તાલીમ (TBA)

દેશ ગામડાંઓનો બનેલો છે. સરકારે ગામડાંઓમાં આરોગ્યની સુવિધા માટે દવાખાનાઓ બનાવ્યાં છે, પરંતુ દવાખાનામાં ડૉક્ટર, દવા, એમ્બ્યુલન્સ અને અંતરિયાળ ગામડાંને જોડતી સડકના અભાવે, લોકો નાનાંમોટાં રોગમાં ઘરગથ્થુ ઉપચારથી ચલાવી લેતા હોય છે. રોગ તો ઠીક, પરંતુ પ્રસૂતા સ્ત્રીઓની ૮૦% ડિલિવરિ ગામડાંમાં ઘરે થાય છે અને એ દાયણ કરાવે છે. આ દાયણ બહેનો અનુભવનાં આધારે સુવાવડ કરાવે છે. એટલે તેને ટ્રેડિશનલ બર્થ એટેન્ડન્ટ (TBA)કહેવામાં આવે છે. દેશમાં પ્રસૂતિ દરમ્યાન માતા અને બાળકનાં મૃત્યુનું ઊંચું પ્રમાણ, તેમજ જન્મસમયે નવજાત શિશુને ઓકિસજન નહીં મળવાથી ઉદ્‌ભવતી સેરીબ્રલ પાલ્સી અને ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલિટી વગેરે સમસ્યા માટેનું એક કારણ આ કૌશલ્યહીન દાયણો દ્વારા ઘરે થતી સુવાવડ પણ છે.

## પાયાનું કામ

દસ દિવસની દાયણ તાલીમમાં પ્રસૂતિનાં લક્ષણો, ભયસૂચક ચિહ્નો, તેને સમયસર પારખવાનું જ્ઞાન આપવા સાથે સગર્ભાની સંભાળ, સુવાવડની પ્રત્યક્ષ તાલીમ, સ્વચ્છતાનું મહત્વ, હાથ ધોવાની વિધિ, હાથમોજાંને જંતુમૂકત કરીને પહેરવાની રીત, નવજાત શિશુનું વજન કરવાનો રંગીન ચિહ્નોવાળો કાંટો વાપરવાની પધ્ધતિ, નવજાત શિશુનાં મુખમાંથી પ્રવાહી ખેંચવા મ્યુકસ એક્ષટ્રેકટર વાપરવાની રીત, વગેરે શીખવવામાં આવ્યું. રસીકરણનાં ગરબા, સ્વચ્છપંચકનાં ગીતો, ઉખાણાં અને પ્રશ્નોત્તરી વગેરેને અભ્યાસમાં ઉમેરીને તાલીમરસમય બનાવવામાં આવી. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૩ દરમ્યાન દસ દિવસની તાલીમમાં ૧,૪૭૭ અને એક દિવસનાં વર્કશોપમાં ૨,૭૧૯ દાયણ બહેનોને તાલીમઆપીને પ્રસૂતા માતા અને નવજાત શિશુનાં મૃત્યુનાં પ્રમાણને નીચું લાવવા માટે પાયાનું કામકરી સમાજને એક નવો રાહ ચીંધ્યો.



**દાયણ તાલીમમાં પ્રસૂતિના લક્ષણો ભયસૂચક ચિહ્નો તેને સમયસર પારખવાનું જ્ઞાન આપવા સાથે સગર્ભાની સંભાળ, સુવાવડની પ્રત્યક્ષ તાલીમ, સ્વચ્છતાનું મહત્વ, હાથ ધોવાની વિધિ, હાથ મોજાંને જંતુમુકત કરીને પહેરવાની રીત વગેરે શીખવવામાં આવ્યું.**

## સેફર મધરહુડ

માતાઓ અને બાળકોનાં આ ચિંતાજનક મૃત્યુદરને નીચો લાવવા માટે, પી.એન.આર. અને ઈમ્પેકટ યુ.કે. દ્વારા ભાવનગર જિલ્લાનાં ૮૨૬ ગામડાંઓની ૧,૫૦૦ જેટલી દાયણ બહેનોને અમે કૌશલ્યવર્ધક તાલીમ આપવા માટે, 'સેફર-મધર હૂડ' પ્રોજેકટ શરૂ કર્યો અને તાલીમમાં જોડાવા માટે દાયણ બહેનોને પ્રોત્સાહિત કરી. આ તાલીમ માટે ઈમ્પેકટનાં ડો. વિનીત શાહે પ્રશંસનીય સેવા બજાવી.

# સર્જનહારની ક્ષતિને સુધારવાની ગુસ્તાખી

'માણસ માત્ર ભૂલને પાત્ર' એમ કહેવત છે, પણ હજાર હાથવાળો સર્જનહાર, તે કોઈ ભૂલ કરતો હશે ? ન જ કરે. આપણો શ્રદ્ધાળુ સમાજ આજે આવો અંધવિશ્વાસ ધરાવે છે. પરંતુ ખરેખર વાસ્તવિકતા કંઈક જુદી જ છે.

# એક ચેલેંજ કપાયેલા હોઠ-તાળવામાં કાણાની સર્જરી

આપણે ત્યાં એક હજાર બાળજન્મમાં ૨ થી ૩ બાળકો જન્મજાત કપાયેલા હોઠ, તાળવામાં કાણું કે મૂત્રનલિકાની ખામી લઈને જન્મે છે. કારણ કે માતાનાં ઉદરમાં વિકાસ દરમ્યાન શિશુનાં આ સ્નાયુ જોડાવાનાં રહી જાય છે, એમ વૈજ્ઞાનિકોનું માનવું છે. તાળવામાં કાણાંને કારણે બાળક માતાનું ધાવણ લઈ શકતું નથી અને કપાયેલા હોઠવાળા બાળકો બરાબર ઉચ્ચાર કરીને બોલી શકતાં નથી. મૂત્રનલિકામાં એકથી વધુ આડાઅવળા છેદને કારણે ઘણી સમસ્યા સર્જાય છે. આવા નવજાત શિશુમાં જન્મસાથે આવતી આ ક્ષતિને અટકાવવાનો ઉપાય વૈજ્ઞાનિકો હજુ શોધી રહ્યા છે. સર્જનહારની આ ક્ષતિને પ્લાસ્ટિક સર્જરી દ્વારા દુરસ્ત કરવાની ગુસ્તાખી માનવીએ કરી છે, તેને દાદ આપવી રહી. જો કે હંમેશાં બને છે તેમ, મેડિકલ વ્યવસાયમાં નવીનવી શોધાયેલી સારવાર ગરીબ માણસોની પહોંચની બહાર હોય છે, તેમ પ્લાસ્ટિક સર્જરી અતિ મોંઘી અને ખર્ચાળ છે. તો ગરીબથી પણ ગરીબ વર્ગનાં લાભાર્થી બાળકોને આ સર્જરી સુલભ બને તેની ચેલૅન્જ સ્વીકારવાની હામ ભીડી.



BEFORE AFTER

# ફ્રેશ સ્ટાર્ટસ સેવામૂર્તિ ડૉ. નરેશ વાધવા



**હજાર બાળજન્મામાંથી ૨ થી ૩ બાળકો જન્મજાત કપાયેલા હોઠ તાળવામાં કાંણું કે મૂત્રનલિકાની ખામી લઇને જન્મે છે.તાળવામાં કાણાંને કારણે બાળક માતાનું ધાવણ લઇ શકતું નથી.**



વર્ષ ૨૦૦૨ માં ઈમ્પેકટ યુ. કે. સાથે સંસ્થાનો પાર્ટનરશીપ પ્રોગ્રામશરૂ થયો. તેમાં પ્લાસ્ટિક સર્જરીનો સમાવેશ થઈ આવ્યો હતો.હવે સમસ્યા હતી સર્જીકલ ટીમની. મુંબઈ સ્થિત અમારા કાર્યકર હેમા ઉદેશીએ, ફ્રેશ સ્ટાર્ટસ સર્જિકલ ગિફ્ટ, મુંબઈ સાથે ટાયઅપ કરીને સમસ્યાનો ઉકેલ શોધી કાઢયો.

આ ફ્રેશ સ્ટાર્ટસ સાથે ભાવનગરમાં પ્લાસ્ટિક સર્જરીની યાત્રા શરૂ કરી તેમાં ડૉ.નરેશ વાધવા સેવાને વરેલા સમર્પિત સર્જન નીવડયા. વર્ષ ૨૦૦૨ થી ડૉ.વાધવા, મુંબઈથી દર મહિનાના પહેલા અઠવાડિયામાં ભાવનગર આવે છે. ડૉ.વાધવાએ અત્યાર સુધીમાં ૧૦૯ કેમ્પમાં ૪,૬૫૭ બાળકોનું નિદાન કરીને, ૪ માસથી ૧૫ વર્ષ સુધીનાંની ૧,૫૨૬ પ્લાસ્ટિક સર્જરી કરી છે. કેટલાક બાળકો તો ફાંટાબાજ કુદરતની કરામતનો ભોગ બનેલાં, રેર કહી શકાય તેવા હતાં. જેમકે કોઈનાં નાકનો અડધો ભાગ આંખ ઉપર તો કોઈને મૂત્રનલિકાના એક કરતા વધારે, સીધા કે આડા અવળા છેદની ખામી હોય!

## ઉદાર દિલ જયંતભાઈ વનાણી વગેરે

આ અતિ ખર્ચાળ પ્લાસ્ટિક સર્જરી ઈમ્પેકટ યુ.કે., ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન યુ.એસ.એ., ભાવનગરના જયંતભાઈ વનાણી (બુધાભાઈ) અને તેના સ્નેહી નટવરભાઈ મધુભાઈ પટેલ વગેરે ઉદારદિલ દાતાઓના આર્થિક યોગદાનથી, બાળકોને ફ્રી કરી આપવામાં આવી.



## નવજાત શિશુના કલબ ફૂટનો ઉપચાર

આવી જ બીજી વારસાગત ખામી કલબ ફૂટ એટલે કે જન્મથી બાળકનાં પગના પંજા વાંકા હોવાની છે. દુનિયામાં વર્ષે એક લાખ બાળકોથી વધારે આવી ખામી સાથે જન્મે છે. તેની વહેલામાં વહેલી સારવાર અથવા સર્જરી જરૂરી બને જે આ સંસ્થાની હોસ્પિટલમાં કરી આપવામાં આવે છે.



## કોકિલયર ઇમ્પ્લાન્ટની ઠગારી આશા

દર હજાર જન્મમાં અંદાજે બે બાળકો શ્રવણમંદ જન્મે છે. તેનું કારણ એ છે કે તેના અંદરના કાનમાં શંકુ આકારનું કોકલિયા, જે અવાજને મગજમાં પહોંચાડે છે તે મહત્વનું અંગ, માતાનાં ઉદરમાં વિકસવાનું રહી જાય છે. પૃથ્વી ઉપર મનુષ્ય એક જ એવું પ્રાણી છે, જે વાણી દ્વારા પોતાની સંવેદના, સંદેશા કે સંવાદ વ્યકત કરી શકે છે. શ્રવણમંદ બાળક

**કોકિલયર ઇમ્પ્લાન્ટ સર્જરી શ્રવણમંદ બાળકો માટે આશાનું કિરણ લઇને આવી.**

સાંભળી ન શકવાને કારણે બોલી શકતું નથી. પરિણામે જીવનભર અવાજની દુનિયાથી વંચિત રહે છે. આ ખોડને દૂર કરવા આજ સુધી કોઈ દવા કે ઓપરેશન ન હતા. પરંતુ હવે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી, શ્રવણમંદ બાળકો માટે આશાનું કિરણ લઈને આવી. પરંતુ તે અતિ મોંઘી છે. અંતઃકર્ણમાં (કાનના અંદરના ભાગમાં) ઓપરેશન કરીને બેસાડવાની આ ઈલેક્ટ્રોનિક ચીપનું મૂલ્ય ૬ લાખથી ૧૦ લાખ રૂપિયા અને તેની દવા, જુદાજુદા ટેસ્ટ, પોસ્ટ ઓપરેટિવ ટ્રેનિંગનું ખર્ચ, બીજા બે લાખ જેવું સહેજે થઈ જાય. કારણ સહજ છે, મોનોપોલી કંપનીઓ કાંઈ સેવા કરવા બેઠી નથી. એટલે શ્રવણમંદો માટે કોકલિયર સર્જરીની આશા ખરી પણ ઠગારી ! આની શોધ ઓસ્ટ્રેલિયામાં થઈ અને તે ત્યાં ખૂબ વિકસી છે. આ પછી બીજા દેશોમાં પણ તેનો ખૂબ પ્રચાર-પ્રસાર થયો.



## કોકિલયર સર્જરી માટે ખુશેન્દ્રભાઇ દેસાઇ અને પ્રતાપભાઇ તથા રશ્મિબેન પારેખની ઉદાર સખાવત

લાખોપતિ પણ બે વખત વિચાર કરે એવી આ મોંઘી કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી, દુર્લભ હોવા છતાં પોતાના બાળકનું ભવિષ્ય બનાવવાની આશા લઈને કેટકેટલાંય માબાપ ઈમ્પ્લાન્ટ સર્જરીનું પેકેજ હાથવગું કરવા, રાતદિવસ દોડધામકરતાં હતાં.વર્ષ ૨૦૧૦ માં બહેરાંમૂંગાં શાળાની સુવર્ણ જયંતી ઊજવી રહ્યાં હતાં ત્યારે કોકલિયર સર્જરી કરવાનું નકકી કર્યું.

વિચાર સારો હતો. આઈસલેન્ડ સ્થિત ખુશેન્દ્રભાઈ દેસાઈએ, કોકલિયર માટે જરૂરી લેમિનાર એર ફલો, જંતુરહિત અદ્યતન ઓપરેશન થિયેટર અને સર્જરીના સાધનો માટે રૂપિયા ૨૫ લાખનું દાન મોકલી આપ્યું અને સંસ્થાનાં દાતા પરિવારના રશ્મિબેન તથા પ્રતાપભાઈ શામજીભાઈ પારેખે કોકલિયર ઓપરેશનમાં દર્દીને સહાય કરવા રૂપિયા દસ લાખની ઉદાર સખાવત આપી.



કંપનીઓ સાથે વાટાઘાટ કરીને અમે ભાવ ઓછા કરાવ્યા, થોડા પૈસાની વ્યવસ્થા વાલીઓએ કરી. મુંબઈથી કોકલિયર સર્જરી માટે જાણીતા ડૉ.મિલીન્દ કિર્તનેને ઓપરેશન માટે ભાવનગર આવવા સહમત કરી લીધા અને પહેલો ઓપરેશન કેમ્પ તા. ૧૩-૧૦-૨૦૧૦ ના દિવસે યોજાયો તેમાં ૩ બાળકોનાં સફળ ઓપરેશન થયાં. ત્યાર પછી બે વરસમાં ડૉ.કિર્તન આઠ વખત ભાવનગર આવ્યા. કુલ ૧૪ બાળકોની સર્જરી થઈ, તેમાંથી ૧૧ બાળકો આજે નોર્મલ બાળકોની સ્કૂલમાં ભણી રહ્યાં છે! ગુજરાતમાં, NGO માં કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરીનો આ પહેલો પ્રયોગ હતો.

# અંબાનિવાસ હૉસ્ટેલ ધીરજનું ફળ પ્રમુખદાતા લલિતભાઈ પારેખ






લલિતભાઈ પારેખ



બાર્બારા પારેખ

## સંબંધો જીવંત રહયાં

જેમ એક બીજ, વૃક્ષ બનીને મીઠાં ફળ આપે તેને વર્ષોના વર્ષ લાગી જાય, તેવું સંબંધોનું પણ છે. ૬૦-૬૫ વરસના મારા સમાજજીવન દરમ્યાન અનેક નાનાંમોટાં લોકોને મળવાનું થયું. કોઈ વખત કલમી આંબાની જેમ ફળ ત્વરિત મળ્યું, તો કોઈ વખત વર્ષો પછી! આમવર્ષો પછી ફળ મળવાનું કારણ પરિચય કેળવાયા પછી સંપર્કો જીવંત રાખ્યા તેમાં રહેલું છે. આ સંપર્કો જીવંત રાખવામાં સંસ્થાનું મુખપત્ર 'કોશિશ', વારતહેવારે થતો પત્ર વ્યવહાર અને

**મારા સમાજ જીવન દરમ્યાન અનેક નાના મોટા લોકોને મળવાનું થયુ કોઇ વખત ફળ ત્વરિત મળ્યું છે તો કોઇ વખત વર્ષો પછી ! કારણ સંપર્કો જીવંત રાખ્યા તેમાં રહેલું છે.**

પ્રસંગોચિત યોજાતા સમારંભો અને તેમાં થતા વિચારોના આદાન-પ્રદાનનો મુખ્ય ફાળો છે.

એ સદ્દગૃહસ્થનું નામ હતું બચુભાઈ પારેખ. ૪૫ વરસ પહેલાં ચંદુકાકા સાથે હું મુંબઈ ફંડ ઉઘરાવવા જતો ત્યારે ફોર્ટમાં તેમની દુકાને અમે મળતા. આ બચુભાઈ એટલે ચંદુકાકાના મોટા જમાઈ. સ્વ. બાલાબેનના પતિ. એ પણ ગાંધીવાદી, ભાવનાશીલ. તેને અમારું કામ ગમે. નાનાંમોટાં દાન આપે અને અપાવે. પછી તો ચંદુકાકાનું અવસાન થયું. અમારે મુંબઈમાં મળવાનું પ્રયોજન ખાસ ન રહ્યું. એમણે પણ વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી. એ ઘરે બેઠા સંસ્થાનું 'કોશિશ' અચૂક વાંચે. તેમાં તેને ગમે એવી કોઈ વાત લઈને તે મને ફોન કરી પ્રતિભાવ આપે. આમ, અમારા સંબંધો વર્ષો પછી પણ જીવંત રહ્યાં.

## માતાની સ્મૃતિ અંબાનિવાસ હૉસ્ટેલ

એવામાં એક દિવસ મુંબઈથી બચુભાઈનો ફોન આવ્યો; 'મારો પિતરાઈ ભાઈ લલિત પારેખ અમેરિકાની એક બહુ મોટી મલ્ટિનૅશનલ કંપની, જનરલ ઈલેક્ટ્રિક (G.E.)માં કામકરે છે. કંપનીના હેડ કવાર્ટર બોસ્ટનમાં એ રહે છે. લલિતને કોઈ સારી સંસ્થામાં દાન આપવું છે. તેણે સંસ્થાઓની માહિતી ભેગી કરી છે. એ થોડા દિવસમાં ઈન્ડિયા આવશે ત્યારે મારે તેની સાથે હરિદ્વાર, પોંડીચેરી, અરવિંદ આશ્રમવગેરે જગ્યાએ સંસ્થાઓ જોવા જવાનું છે. મારે તેને આપણી સંસ્થાઓ બતાવવી છે, હું તેને લઈને આવવા પ્રયત્ન કરું છું; તમે તૈયારી રાખજો!

બચુભાઈએ વાત કર્યા મુજબ એક દિવસ લલિતભાઈને લઈને આવી પહોંચ્યા. તેમને નટરાજ કેમ્પસ ગમ્યું. મેં તેમને એક-એક કરોડ બજેટનાં બે પ્રોજેકટ આપ્યા. એક હતો કોલૅજ ઉપર માળ બાંધવાનો અને બીજો ગર્લ્સ હોસ્ટેલ બાંધવાનો. લલિતભાઈ મને હાર્ડ ટાસ્ક માસ્ટર લાગ્યા. તેમને આ ચેરિટીમાં તેમના પત્ની બાર્બારા, જી.ઈ. ફાઉન્ડેશન અને ટાઈકો કોર્પોરેશન, USA નું મેચિંગ ફંડ આપવાનું હતું. તેમાં આંટીઘૂંટી ઘણી હતી અને તેથી બધી સ્પષ્ટતાઓ કરવી જરૂરી હતી. મને તેમની કેટલીક વાત અને તેમને મારી કેટલીક વાત સમજાતી ન હતી. ચર્ચામાં એ તેમની પત્ની બાર્બારાને જોડવા માગતા હતા. અમે બીજી મીટિંગ મુંબઈમાં બાબુભાઈ સંઘવીને ઘરે રાખી. તેમાં નટવરભાઈ પણ સાથે જોડાયા. બાર્બારા અમેરિકાથી ખાસ આવ્યાં. એ પણ મોટા એકિઝકયુટિવ હતા. કલાકોની લાંબી ચર્ચા પછી કન્યા છાત્રાલયનું બાંધકામ કરી તેને લલિતભાઈના માતુશ્રી અને પિતાશ્રી સ્વ. અંબાબેન ચીમનભાઈ પારેખની સ્મૃતિમાં 'અંબાનિવાસ ગર્લ્સ હોસ્ટેલ' નામઆપવું અને તેને માટે રૂપિયા પંચોતેર લાખનું દાન નક્કી થયું.

**લલિતભાઇના માતૃશ્રી અને પિતાશ્રી સ્વ. અંબાબેન ચીમનભાઇ પારેખની સ્મૃતિમાં અંબાનિવાસ ગર્લ્સ હૉસ્ટેલ નામ આપવું અને તેને માટે રૂપીયા પંચોતેર લાખનું દાન નક્કી થયું.**

## સારા કામમાં સો વિઘ્ન

લલિતભાઈએ હોસ્ટેલના ઉદ્દ્ઘાટનની તા. ૨૩ ડિસે. ૨૦૦૬ નક્કી કરી. આ ત્રણ માળના બિલ્ડિંગમાં, ૧૫,૦૦૦ સ્કવેર ફૂટના બાંધકામ માટે સમય ઓછો હતો. તેમાં પાછું નટરાજ સિદસર પંચાયતની હદમાં આવતુ હતું. બાજુમાં ગૌરીશંકર સરોવર. તેની ડૂબની જમીનનો વિવાદ બિલ્ડરો અને મહાનગરપાલિકા વચ્ચે સુપ્રિમકોર્ટમાં ચાલે. અમારે બાંધકામનાં પ્લાન 'બાડાં'મા પાસ કરાવી મહાનગરપાલિકામાં મૂકવાના હતાં. ઝડપ રાખવી પડે નહીંતર કામ સમયસર પૂરું થાય નહીં અને લલિતભાઈ તો સગા, સ્નેહીઓ, મિત્રો સાથે અમેરિકાથી આવીને ઊભા રહે. એવા કટોકટ સમયમાં અમે નકશા બાડાંમાં મૂકયા, પાસ થઈ ગયા. સામાન્ય રીતે બાડાંમા ગ્રીન સિગ્નલ મળે એટલે મહાનરગપાલિકામાં વાંધો આવતો નહીં. અમે પાયા ખોદ્યા. પ્લીન્થ ચણી ત્યાં નગરપાલિકાએ કહ્યું, 'રૂક જાવઃ' બે રૂમ









ડૂબની જમીનની યલો લાઈનમાં આવે છે! મારા અને ગિરીશભાઈ શાહના હોશ ઊડી ગયા. મ્યુ. કમિશ્નર, એન્જિનિયર, ટાઉન પ્લાનિંગમાં ધક્કા ખાઈને અમે થાકયા. કોઈ માને નહીં. બધાં સુપ્રિમકોર્ટનું જજમેન્ટ બતાવે. દિવસો પસાર થતા હતાં. ઉદ્ઘાટન બંધ રાખવું પડે તો ફજેતી થાય. છેવટે કલેકટર પંચાલની દરમ્યાનગીરી પછી બે રૂમનું ચણતરકામ તોડી પાડીને ત્રણ માળની જગ્યાએ ચાર માળ બાંધવાની મંજૂરી મળી. ગિરીશભાઈ હતા તો આ કામ પૂરું કરાવી શકયો. આમ ઘણી વખત સંસ્થાઓનાં કામમાં પણ વિઘ્ન આવતાં હોય છે.

નક્કી થયા મુજબ લલિતભાઈ તેની પત્ની બાર્બારા વગેરે અમેરિકાથી અને તેના ભાઈબહેનો અને સ્નેહીઓ મુંબઈથી આવી પહોંચ્યાં. નટરાજ કેમ્પસમાં ભવ્ય ઉદ્ઘાટન સમારંભનું આયોજન થયું. સ્વામી પરમાત્માનંદજી તથા અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં સ્વામી સચ્ચિદાનંદજીના આશીર્વચન સાથે ૨૩ ડિસે. ૦૬નાં રોજ 'અંબાનિવાસ હોસ્ટેલ'નું ઉદ્ઘાટન સંપન્ન થયું.

# ગટરના પાણીને શુધ્ધ કરી રોજ ૨૫૦૦૦ લીટરની બચત કરતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ




નટરાજ કેમ્પસ છ એકરમાં પથરાયેલું છે. સરકાર પાસેથી જમીન મળી ત્યારે અહીં ખાડા, ટેકરા અને બાવળીયા હતાં. કેમ્પસમાં કૉલેજ અને હોસ્ટેલનાં બાંધકામોની સાથોસાથ પર્યાવરણની જાળવણી માટે લીમડા, ગુલમહોર, નાળિયેરી, આંબા અને પામના વૃક્ષો સાથે લીલીછમ હરિયાળીથી આંખને ઠંડક અને મનને શાંતિ મળે એવા હર્યાભર્યા મેદાનો બનાવવામાં આવ્યા હતાં. આ વનરાજી ને હરીભરી ને જીવંત રાખવા માટે રોજ ૨૦-૨૫ હજાર લીટર પાણી જોઈએ. આ માટે કેમ્પસમાં એક કૂવો અને બોર તૈયાર કરવામાં આવ્યા. પરંતુ પ્રકૃત્તિનું દોહન અને શોષણ કરીને જળ સંતુલનને નુકસાન પહોંચાડયા વગર અમારે લીલી હરિયાળીને પાણી પહોંચાડવું હતું. આ સમસ્યા હલ કરવામાં લલિતભાઈ પારેખ અને તેની પત્ની બાર્બારા અમારી સાથે જોડાયાં. કેમ્પસમાં નહાવા, ધોવા અને ખાવાપીવામાં રોજ ૨૦-૨૫ હજાર લીટર પાણી વપરાતું હતું. આ ગટરમાં જતા પાણીને શુધ્ધ કરીને બગીચામાં વાપરવા માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મૂકવાનો વિકલ્પ શોધી કાઢયો. વાપીમાં બનતા આ ઓટોમેટિક પ્લાન્ટનો ખર્ચ રૂા. ૨૫ લાખ થતો હતો. લલિતભાઈ પર્યાવરણની જાળવણી માટે ઉત્સુક હતા. તેમણે આ ખર્ચનું ડોનેશન આપવાનું સ્વીકાર્યું.

**કેમ્પસમાં વનરાજીને હરીભરી ને જીવંત રાખવા માટે રોજ ૨૦-૨૫ હજાર લીટર પાણી જોઇએ.**

**આ ગટરમાં જતા પાણીને શુધ્ધ કરીને બગીચામાં વાપરવા માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મૂકવાનો વિકલ્પ શોધી કાઢયો.**

'અંબા નિવાસ હોસ્ટેલ'નાં ઉદ્‌ઘાટન પછી બીજા વર્ષે અમે આ પ્રોજેક્ટ તૈયાર કર્યો. ચારે તરફ મેદાનોમાં સ્પ્રીન્કલર અને ડ્રીપ સિસ્ટમ ગોઠવવામાં આવી. લીલીછમ હરિયાળી વધુ લીલી બની. ૩૧ ડિસે. ૨૦૧૦ નાં રોજ અમેરિકાથી લલિતભાઈને બદલે તેના ભાઈ અશ્વિનભાઈ તથા અન્ય લોકો આવ્યાં. તેના હસ્તે દીપપ્રાગટ્ય કરી આ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્લાન્ટ દિવસરાત કામ કરીને પ્રતિદિન ૨૫ હજાર લીટર પાણી બચાવી પર્યાવરણની જાળવણી કરે છે. આ પ્લાન્ટને તૈયાર કરવામાં અને મેન્ટેઈન કરવામાં કેમિકલ એન્જિનિયર હિતેશ કપાસી, પારસ શાહ અને સુકેતુ શાહ વગેરેએ ભારે જહેમત ઉઠાવી છે.

**પ્રતિદિન ૨૫ હજાર લીટર પાણી બચાવી પર્યાવરણની જાળવણી કરે છે.**

# PNR-USA ફાઉન્ડેશનના વિઝનરી નયન દલાલ



પ્રવીણભાઈ દલાલ



પુત્ર આદિત્ય અને આકાશ, નયનભાઈ, પત્ની બિંદુબહેન અને પુત્રી અનુષ્કા

૨૫ જૂન ૨૦૧૩. અમેરિકા સ્થિત નયનભાઈ દલાલ તેની પત્ની બિંદુબહેન, પુત્ર આદિત્ય અને આકાશ તેમ જ પુત્રી અનુષ્કા સાથે પી.એન.આર. સોસાયટીની મુલાકાત માટે આવ્યા હતાં.

## ગળથૂંથીમાં માનવસેવા

નયનભાઈ સંસ્થાના ટ્રસ્ટી પ્રકાશભાઈ દેસાઈના ભાણેજ થાય. પ્રકાશભાઈ અને નયનભાઈ વચ્ચે સંસ્થાની વાતો થતી રહેતી. જો કે વ્યવસાયમાં વ્યસ્ત નયનભાઈને ભાવનગર આવવાનો સમય મળ્યો ન હતો. પરંતુ આ વખતે તેમણે ખાસ સમય કાઢયો, અને તે પણ એક બે દિવસ નહીં પૂરા પાંચ દિવસ. કારણ હતું - પુત્ર આદિત્યનો સેરીબ્રલ પાલ્સી ઉપરનો સ્કૂલ પ્રોજેકટ. પુત્ર આદિત્ય અમેરિકામાં તેની સ્કૂલમાં સામાજિક સેવા માટે ‘Different Worlds, Same Problem : Cerebral Palsy” ઉપર કામ કરી રહ્યો હતો. દાદાજી પ્રવીણભાઈને આ વાતની ખબર પડી ત્યારે તેમણે ભાવનગર જઈને પી.એન.આર.માં સેરીબ્રલ પાલ્સી વગેરે પ્રવૃત્તિ જોઈ આવવાનો આગ્રહ કર્યો અને આ વિઝિટ ગોઠવાઈ. આ દાદાજી પ્રવીણભાઈ દલાલ એટલે સંસ્થાની મુંબઈ કમિટીની શરૂઆતના સક્રિય સભ્ય. તે વયને કારણે અટકેલા છે, પરંતુ સંસ્થાનું હાઉસ મેગેઝિન ‘કોશિશ’ વાંચીને હંમેશા અપડેટ થતા રહે છે. આ પ્રવીણભાઈના ફેમિલીના પણ અનેક ટ્રસ્ટો છે જેનો વહિવટ તેઓ કરતા આવ્યા છે. આમ આ પરિવારની ગળથૂથીમાં માનવસેવાના ગુણ રહેલા છે.

**દાદાજી પ્રવીણભાઇને આ વાતની ખબર પડી ત્યારે પી.એન.આર.માં સેરીબ્રલ પાલ્સી પ્રવૃત્તિ જોઇ આવવાનો આગ્રહ કર્યો. દાદાજી સંસ્થાનું કોશિશ વાંચીને હંમેશા અપડેટ થતા રહે છે.**

## પ્રવીણચંદ્ર દલાલ ફેમિલી ફાઉન્ડેશનનું અમૂલ્ય યોગદાન

નયનભાઈએ સપરિવાર પી.એન.આર.અને સંલગ્નિત સંસ્થાઓ તથા તાલુકાના સેન્ટરમાં ચાલતી પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓ નિહાળી. પુત્ર આદિત્યએ સેરીબ્રલ પાલ્સીના અર્લી ઈન્ટરવેન્શનમાં ઊંડો રસ દાખવ્યો, તો નયનભાઈ અને તેના પત્ની બિંદુબહેને વિકલાંગ બાળજન્મને અટકાવવા માટે પી.એન.આર.ઈમ્પેકટનો પાર્ટનરશિપ પ્રોગ્રામ બહુ ગમ્યો. તેમાં ઈમ્પેકટ યુ.કે. સાથે પારદર્શક વહિવટ, એકાઉન્ટેબિલિટી, રિપોર્ટિંગ સિસ્ટમ, સ્ટાફનું ટીમવર્ક અને ડેડિકેશનથી તેઓ વિશેષ પ્રભાવિત થયાં. આ પાટર્નરશિપ પ્રોગ્રામમાં સંસ્થાને પાંચ વરસ સુધી પ્રતિવર્ષ રૂપિયા પચ્ચીસ લાખ જેવા મેચિંગ ફંડની જરૂર હતી. દર વર્ષે આ મેચિંગ ફંડ મેળવવાનું અમારે માટે મુશ્કેલ બની રહેતું. નયનભાઈ અમારી મુશ્કેલી સમજી શકયા. પરિણામે તેમના પી.ડી. ફાઉન્ડેશન અને દલાલ ફેમિલી ફાઉન્ડેશન તરફથી પાંચ

> **પી.ડી. ફાઉન્ડેશન અને દલાલ ફેમિલી ફાઉન્ડેશન તરફથી પાંચ વરસના આ પ્રોજેક્ટમાં થર્ડ પાર્ટનર તરીકે જોડાઇને સંસ્થાને રૂપિયા એક કરોડને એકતાલીસ લાખ રૂપિયાનું અમૂલ્ય યોગદાન તેમણે આપ્યું.**

વરસનાં આ પ્રોજેક્ટમાં થર્ડ પાર્ટનર તરીકે જોડાઈને સંસ્થાને રૂપિયા એક કરોડ અને એકતાલીસ લાખ રૂપિયાનું અમૂલ્ય યોગદાન તેમણે આપ્યું. એટલું જ નહીં પરંતુ ૨૦૧૮માં ઈમ્પેક્ટની પાર્ટનરશિપ પૂરી થઈ.આ પ્રોજેક્ટ બંધ થાય તે સ્થિતિનું નિર્માણ થયું ત્યારે 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યૉર'નું મહત્ત્વ સમજાવતા નયનભાઈએ સામે ચાલીને પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન ચાલુ રાખ્યું. આમ આ પ્રોજેક્ટને જીવનદાન મળી ગયું.

## PNR-USA ફાઉન્ડેશનની સ્થાપના

નયનભાઈ મેનેજમેન્ટના માણસ છે. એ તેના ફેમિલી ટ્રસ્ટોનો કારોબાર પણ જુએ છે. પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓ સમયના વહેણ સાથે બદલાતી રહેશે તો ટકી રહેશે તેવું એ દઢ પણે માને છે. પી.એન.આર.ની પહેલી મુલાકાત પછી તેઓ સંસ્થાના શુભચિંતક બની ગયા. પોતાના વ્યવસાય અર્થે તેઓ અમેરિકાથી મુંબઈ આવે જાય છે, એટલે વિચારના આદાન-પ્રદાન માટે અમારે મળવાનું થતું. તેમાંથી નયનભાઈને PNR-USA

> **નયનભાઇ મેનેજમેન્ટના માણસ છે. પી.એન.આર. સમયના વહેણ સાથે બદલાતી રહેશે તો ટકી રહેશે તેવું એ દઢ પણે માને છે.**

ફાઉન્ડેશનની સ્થાપનાનો વિચાર સ્ફુર્યો, બિન્દુબહેને તેમાં સુર પુરાવ્યો. ફાઉન્ડેશનની સ્થાપનાથી પી.એન.આર. અંગે અમેરિકાનાં લોકોમાં, ખાસ કરીને ગુજરાતીઓમાં જાગૃતિ આવશે. દાતાઓને દાન કરવું સહેલું થશે અને ટેકસમાં પણ ફાયદો મળશે. નયનભાઈનું વિઝન બહુ સ્પષ્ટ હતુ. અમે તેના આ વિચારને વધાવી લીધો. ફાઉન્ડેશનની સ્થાપનાની વિધિ નયનભાઈએ પૂરી કરી. તેમની ઓફિસમાંથી જ PNR-USA નો કારોબાર શરૂ થયો. વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૯ સુધીમાં આ ફાઉન્ડેશને ૪,૩૧,૨૪૦ ડોલર એટલે રૂ.૨,૫૦,૦૦,૦૦૦ નું યોગદાન પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓ માટે એકત્ર કરીને મોકલાવી પ્રશંસનીય કામગીરી બજાવી.

> **મુલાકાત પછી નયનભાઇ ને PNR-USA ફાઉન્ડેશનની સ્થાપનાનો વિચાર સ્ફુર્યો બિન્દુબહેને તેમાં સુર પુરાવ્યો.**

## જ્યોતિબહેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ



આપણા સમાજમાં વિકલાંગ મહિલાઓની કરૂણ હાલત છે. ગરીબીમાં સબડતી આ મહિલાઓ જીવનભર યાતના વેઠે છે. રોજીરોટી કમાવા માટે તેને કંઈક કરવું છે, પરંતુ સમસ્યાઓ તેનો પીછો છોડતી નથી. આવી મહિલાઓને પગભર કરવા માટે નયનભાઈના માતુશ્રીની સ્મૃતિમાં 'શ્રીમતી જયોતિબહેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ' પ્રોજેક્ટ સંસ્થામાં શરૂ

> **વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૯ સુધીમાં આ ફાઉન્ડેશને ૪,૩૧,૨૪૦ ડોલર એટલે રૂા. ૨,૫૦,૦૦,૦૦૦નું યોગદાન પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓ માટે એકત્ર કરીને મોકલાવી આપ્યુ છે.**

કરવામાં આવ્યો છે. તેમાં શિક્ષણ, ભરત, બ્યુટી પાર્લર અને હસ્ત ઉદ્યોગની તાલીમઆપવામાં આવે છે. છેલ્લાં ત્રણ વરસ દરમ્યાન ૧૯૭ વિકલાંગ મહિલાઓ આ પ્રોજેક્ટમાં તાલીમમેળવીને સ્વાવલંબી બની છે. તે પૈકી ૫૦ બહેનોને સિલાઈ મશીન, બ્યુટી પાર્લરની કીટ, ફોલ છેડાનું મશીન અને ટ્રાયસિકલ વગેરેની સહાય કરવામાં આવી છે. ભાવનગર અને સિહોરમાં ચાલતા આ પ્રોજેક્ટ માટે દલાલ ફેમિલી ફાઉન્ડેશન






પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખનું યોગદાન સંસ્થાને આપે છે. દલાલ પરિવારની આ ઉદાર સખાવતની સ્મૃતિમાં તાજેતરમાં સંસ્થાની આ પ્રવૃત્તિનું ‘પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર’ નામકરણ કરવામાં આવ્યું છે.



# વંચિતોની વહારે નીલકમલના વામનભાઈ પારેખ




૨૩ માર્ચ ૨૦૧૬. સાંજના પ્લેનમાં વામનભાઈ પારેખને લઈને કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા મુંબઈથી ભાવનગર આવી પહોંચ્યા. કૃષ્ણકાંતભાઈ પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટી અને વર્ષોથી મુંબઈ ખાતેના કાર્યકર. 'આજે હું એક મોટા ડોનરને લઈને ભાવનગર આવું છું.' એરપોર્ટ પર નીલકમલ લિ.ના ચેરમેન વામનભાઈ પારેખને જોઈને મને વિસ્મય થયું. પ્લાસ્ટિક મોલ્ડેડ પ્રોડકટમાં નીલકમલ એશિયાની અગ્રીમ હરોળની કંપની છે અને દુનિયાના ૩૦થી વધારે દેશોમાં તેના ઉત્પાદનો પહોંચી રહ્યાં છે. કૃષ્ણકાંતભાઈ ઘણી વખત તેના મિત્ર વામનભાઈની વાત કરતા એવા આ સાદા, સીધા, સરળ અને નિખાલસ ઉદ્યોગપતિને નજદીકથી મળવાનું પહેલી વખત થયું હતું.

## વામનભાઈનું વિરાટ સ્વરૂપ

વામનભાઈ અને કૃષ્ણકાંતભાઈને એરપોર્ટથી લઈને નટરાજ કેમ્પસ પહોંચ્યા. રાત્રી ભોજન કરીને અમે વાતો કરવા બેઠા. વામનભાઈને સંસ્થાની પ્રવૃત્તિ અને જરૂરિયાતની વાત મેં કરી. તેમને સી.પી. બાળકો માટેના સંસ્થાનાં અર્લી ઈન્ટરવેન્શન તેમજ તાલુકાના તળાજા, મહુવા, સિહોર અને પાલિતાણાના રિસોર્સ સેન્ટરની પ્રવૃત્તિમાં રસ પડયો. આ છ સેન્ટરમાં સેરીબ્રલ પાલ્સી, ઓટિઝમ, ઈન્ટેલેક્ચ્યુઅલ

**કોઇ માનપાનની અપેક્ષા વગર આટલી માતબર રકમનું દાન આપનારા દાતાઓ જવલ્લે જ મળતા હોય છે. ખરેખર આજે વામનભાઇનું વિરાટ સ્વરૂપ હું જોઇ શકયો.**





તકતીપૂજન વામનભાઈ પારેખ અને પત્ની નલિનીબહેન પારેખ




ડિસેબલ્ડ, મલ્ટી ડિસેબલ્ડ અને મસ્કયુલર ડિસ્ટ્રોફીથી પીડાતા ૨૦૦ જેટલા બાળકો છે. સેન્ટરમાં તેના નિદાન, કરેકિટવ સર્જરી, સાર-સંભાળ શિક્ષણ અને તાલીમનું કામચાલતું રહે છે. આ બાળકોના પુનઃસ્થાપન માટે સંસ્થાને 'રીચિંગ ટુ અનરીચ્ડ' પ્રોજેક્ટમાં દોઢ કરોડ રૂપિયાની જરૂર હતી. વામનભાઈને આ પ્રપોઝલ ગમી. કોઈ જ પૂર્વશરત વગર તેમણે રૂપિયા ૫૦ લાખનો ચેક લખીને મારા હાથમાં મૂકયો અને બીજા પચાસ લાખ વર્ષ ૨૦૧૭માં મોકલશે તેમ જણાવ્યું, ત્યારે મને આશ્ચર્ય થયું. કોઈ માનપાનની અપેક્ષા વગર આટલી માતબર રકમનું દાન આપનારા દાતાઓ જવલ્લે જ મળતા હોય છે. ખરેખર, આજે વામનભાઈનું વિરાટ સ્વરૂપ હું જોઈ શકયો.

તા. ૮ જાન્યુ. ૨૦૧૭ના આ 'રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડ' પ્રોજેકટના લોકાર્પણ માટે સમારંભનું આયોજન કરવામાં આવ્યું. વામનભાઈ પારેખ અને તેના ધર્મપત્ની નલિનીબેનનાં વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય સંપન્ન થયું. 'નીલકમલ' નો આ પ્રોજેકટ વિકલાંગોને ઘણો ઉપયોગી નીવડયો. વર્ષ ૨૦૧૬-૧૯ દરમ્યાન કોર્પસના વ્યાજમાંથી ૪૯૮ વિકલાંગોને રૂપિયા ૧૩ લાખની સાધન સહાય કરવામાં આવી. જે જરૂરતમંદ વંચિત વિકલાંગો માટે 'નીલકમલ' ની મોટી ગિફટ સાબિત થઈ.

વિકલાંગોની પીડા પ્રત્યક્ષ જોયા પછી વામનભાઈએ 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' સમજીને પોતાના વતન મહુવામાં કૃત્રિમહાથ, પગ અને કેલિપરના એક કેમ્પનું આયોજન કરાવ્યું. તો બીજો કેમ્પ નાસિક પાસે સિન્નરમાં કરાવ્યો. એ માત્ર કેમ્પ કરાવીને છૂટી ન ગયા પરંતુ દર્દીનારાયણની સેવામાં એક સ્વયંસેવકની જેમ રાતદિવસ લાગી પડયા. આવા વામનભાઈ દાતાથી વિશેષ, સંસ્થાના શુભચિંતક બની રહયા તેનો અમને આનંદ છે.

**નીલકમલનો પ્રોજેકટ વિકલાંગોને ઘણો ઉપયોગી નીવડયો. વર્ષ ૨૦૧૬-૧૯ દરમ્યાન કોર્પસના વ્યાજમાંથી ૪૯૮ વિકલાંગોને રૂપીયા ૧૩ લાખની સાધન સહાય કરવામાં આવી.**



# હર્ષદભાઈ શેઠ ગલિયાકોટવાળા પરિવારની અવિરત દાનની સરવાણી

## એક કલાસરૂમ માટે દાન

વર્ષો પહેલાંની વાત છે. બહેરાંમૂંગાં શાળાનાં બાંધકામની શરૂઆત હતી. ગામમાંથી ડોનેશન મળતું ન હતું. અમારી નજર મુંબઈ ઉપર હતી. ત્યારે શામજીભાઈ પારેખ સાથે હું અને અંતુભાઈ રાવળ, છોટુભાઈ શેઠ ગલિયાકોટવાળાનાં ઘરે ગયા હતા ત્યારે વાતવાતમાં તેમણે એક કલાસરૂમ માટે અમને દાન આપ્યું હતું.

## શૌર્ય અને શકિતના પ્રતિક સ્વામીરાવ

મારા સાથી અંતુભાઈને વાતોનો બહુ શોખ. અંતુભાઈ મૂળ અખાડિયન. ગણેશ ક્રિડા મંડળના વિદ્યાર્થી. ગણેશ ક્રિડા મંડળનું નામ પડે અને સ્વામીરાવની વાત ન નીકળે એવું તો બને જ નહીં. સ્વામીરાવ એટલે શૌર્ય અને શકિતના પ્રતિક. યુવાનોના માનીતા. બ્રિટિશ સામ્રાજય સામે તેમણે જંગ માંડેલો. અંગ્રેજોને ગોળીએ દેવામાં અને બોંબ ધડાકા કરવામાં આ શૂરવીર પકડાયેલા. કેટલી વખત જેલ તોડી, એક વખત હાથકડી સાથે ટ્રેનનાં ટોયલેટની બારીમાંથી ચાલુ ટ્રેઈને નદીમાં ઝંપલાવીને સ્વામીરાવ પોલીસને ચકમો આપીને નાસી છૂટયા, પછી ભૂગર્ભમાં ઊતરી ગયા. આવા શૂરવીર સ્વામીરાવ નામબદલી ગુપ્ત વેશ ધારણ કરી ગણેશ ક્રિડા મંડળમાં યુવાનોને લડાયક બનવાની તાલીમઆપતા હતા. છોટુભાઈ શેઠ સ્વામીરાવનાં પ્રશંસક અને આશ્રયદાતા હતા. મુંબઈ પહેલાં છોટુભાઈનો પરિવાર ભાવનગરના દરબારગઢ વોર્ડની સવાઈગર શેરીમાં આવીને વસ્યો હતો. તેમાં અંતુભાઈએ સ્વામીરાવની વાત ઉખેળી. એકબીજાએ સંસ્મરણો વાગોળ્યા એટલે સૌને મજા પડી ગઈ એ પ્રસંગ મને હજી યાદ છે. ત્યાર પછી ખાસ સંપર્ક ન હતો. જો કે એકાદ બે વખત સોવેનિયરની જાહેરખબર લેવા માટે છોટુભાઈ શેઠને મળવાનું થયેલું.

## ઉદાર સખાવત

શામજીભાઈ પારેખના નિધન પછી નટવરભાઈએ સંસ્થાની મુંબઈ કમિટીનું સુકાન સંભાળ્યું. આ તરફ ગલિયાકોટવાળા પરિવારમાં પણ જનરેશન બદલાઈ ગઈ હતી. આ પરિવારનાં નરેન્દ્રભાઈ, હર્ષદભાઈ અને મહેન્દ્રભાઈ સાથે નટવરભાઈના આત્મીય સંબંધોને કારણે પરિવાર સાથેનાં સંપર્ક ફરી તાજા થયા. તે અરસામાં સંસ્થાઓમાં કોર્પસ ફંડની વધુ જરૂરત હતી, જેથી તેના વ્યાજમાંથી પ્રવૃત્તિ ચાલ્યા કરે. સામાન્ય રીતે દાતાઓ કોર્પસ ફંડમાં દાન આપવાનું ઓછું પસંદ કરે છે. દાતાઓને બાંધકામઉપર દાન આપવામાં વધુ રસ હોય છે. પરંતુ આ

**સ્વામીરાવ એટલે શૌર્ય અને શકિતના પ્રતિક. બ્રિટિશ સમ્રાજ્ય સામે તેમણે જંગ માંડેલો. આવા શૂરવીર સ્વામીરાવ નામ બદલી ગુપ્ત વેશ ધારણ કરી ગણેશ ક્રિડામંડળમાં યુવાનોને લડાયક બનવાની તાલીમ આપતા હતો.**






બહેરાંમૂંગાં શાળામાં કાનન બાળક્રિડાંગણમાં મહેન્દ્રભાઈ શેઠ ગલિયાકોટવાળા સપરિવાર

**હર્ષદભાઇ શેઠ અને તેમના નાનાભાઇ મહેન્દ્રભાઇ શેઠ તરફથી જુદી જુદી સંસ્થાઓને રૂપીયા સવા કરોડથી વધારેની ઉદાર સખાવત મળી.**

બાબતમાં હર્ષદભાઈ શેઠ અને તેમના નાનાભાઈ મહેન્દ્રભાઈ શેઠ ઘણાં વ્યવહારૂ જણાયા. ૨૦૦૮ થી ૨૦૧૫ સુધીમાં આ પરિવાર તરફથી જુદીજુદી સંસ્થાઓને રૂપિયા સવા કરોડથી વધારેની ઉદાર સખાવત મળી. તેમાં બહેરાંમૂંગા શાળામાં શ્રીમતી કાનન મહેન્દ્ર શેઠ બાળ ક્રીડાંગણ, વી. સી. લોઢાવાળા હોસ્પિટલમાં તબીબી સારવાનાં સાધનો, અંધશાળામાં શ્રીમતી ભાગીરથી છોટાલાલ શેઠ અને છોટાલાલ જીવરાજ શેઠ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ તથા ગ્રાઉન્ડમાં પેવર બ્લોક અને સંગીત કલાસ, અંકુરમાં નરેન્દ્ર સી. શેઠ અને શ્રીમતી ભાગીરથી સી. શેઠ, મેન્ટેનન્સ કોર્પસ અને વેલ્ફેર ફંડ પી.એન.આર.માં સેરીબ્રલ પાલ્સી સ્કૂલ અને કોર્પસ ફંડ વગેરેનો સમાવેશ થાય છે.

## હર્ષદભાઇનું મોખરાનું સ્થાન

આ દસ વરસમાં હર્ષદભાઈ શેઠ, સંસ્થાની વધુ નજદીક આવ્યા. પોતે રોટેરિયન, માનવસેવાનાં રંગે રંગાયેલા છે. હર્ષદભાઈ તેમનાં પત્ની રેખાબહેન અને મિત્રોને સાથે લઈને વર્ષોવર્ષ પી.એન.આર. અને ભગિની સંસ્થાઓની મુલાકાત કરીને



રોટરી કલબ બોમ્બે નોર્થના સભ્યો સાથે હર્ષદભાઈ શેઠ

મદદરૂપ થાય છે. નટવરભાઈની હયાતીમાં જ મુંબઈ કમિટીની દ્વિતીય હરોળમાં હર્ષદભાઈનું સ્થાન મોખરાનું રહ્યુ હતુ. આજે નટવરભાઈના ગયા પછી મેનેજમેન્ટનાં અનુભવી હર્ષદભાઈ શેઠનું મુંબઈ કમિટીને ઉપયોગી માર્ગદર્શન મળી રહ્યું છે.

## રોટરી ક્લબ બોમ્બે નોર્થ

હર્ષદભાઈ શેઠ રોટરી કલબ બોમ્બે નોર્થનાં સક્રિય સભ્ય છે. આ કલબ રોટરી ઈન્ટરનૅશનલ ફંડમાં લાર્જેસ્ટ કોન્ટ્રીબ્યુટરનું સ્થાન ધરાવે છે. અનેક પ્રકારની સામાજિક સેવામાં પ્રવૃત્ત આ કલબનાં રૉટૅરીયનોને પી.એન.આર.માં રસ લેવા માટે હર્ષદભાઈએ મોટિવેટ કર્યા છે. તેના પરિણામે રોટરી અને પી.એન.આર. વચ્ચે વંચિત વિકલાંગોની વહારે થવાની એક નવી શરૂઆત થશે. જે સંસ્થાને ઉપયોગી બની રહેશે તેવી મને શ્રધ્ધા છે.



**સ્વ. રેખાબહેન**

**તા.ક.** તાજેતરમાં હર્ષદભાઈ શેઠનાં જીવન સંગીની રેખાબહેન શેઠનું તા. ૫ ઓકટોબર, ૨૦૧૯ નાં રોજ દુઃખદ અવસાન થયું. હર્ષદભાઈની સાથે સાથે તેઓ હંમેશા માનવસેવાનાં કામમાં આગળ રહેતાં અને દિવ્યાંગ બાળકોનાં પુનઃસ્થાપનમાં ઊંડો રસ ધરાવતાં હતાં. સમાજને તેની ન પૂરાય તેવી ખોટ પડી છે.

# વિરલ વ્યક્તિત્ત્વનાં સ્વામી દાતા વસંતભાઈ ગાંધી



દોરી લોટો લઈને સુખ અને સંપત્તિની શોધમાં માદરેવતન છોડીને નીકળી પડેલા કંઈ કેટલાયે મરજીવા પૈકીના એક એવા વસંતરાય મોહનલાલ ગાંધી વિરલ વ્યકિતત્વનાં સ્વામી છે.

## જાણીતા સામાજિક કાર્યકર

અમેરિકા પહોંચીને વર્ષ ૧૯૮૩માં ધર્મપત્ની શકુંતલાબહેન સાથે "ન્યુયોર્ક ગોલ્ડ" નામે તેમણે વ્યવસાય શરૂ કર્યો. સાઉથ એશિયન ધંધાના વિષય પર તેમની અદ્‌ભુત હથરોટી છે. એટલે લોકો તેમને જેકસન હાઈટ્સના "જીવંત જ્ઞાનકોષ" તરીકે વધાવે છે. વસંતભાઈએ સિધ્ધિના શિખર સર કર્યા પરંતુ તેમનું સ્વપ્ન માત્રને માત્ર દ્રવ્ય ઉપાર્જન નથી. તેઓ એક જાણીતા સામાજિક કાર્યકર અને દાતા પણ છે.

આવા સંવેદનશીલ વસંતભાઈને હું ઘણાં વર્ષો પહેલાં એક વખત મળ્યો હતો. અમારી આ મુલાકાત ઔપચારિક હતી. ત્યાર પછી અમારી વચ્ચે લાંબા સમયના પત્રવ્યવહારને કારણે આત્મીય સંબંધ બંધાયો, ત્યારે મને ખબર પડી કે તેઓએ દરબારગઢ વોર્ડની બાપુ મહેતાની શેરીમાં બાળપણ વીતાવ્યું છે અને તેઓ લલ્લુ માસ્તરની ધૂળી નિશાળમાં એકડા ઘૂંટી ચૂકયા છે.

## ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ઉમદા સહાય

અમેરિકાના સાઉથ એશિયન સમાજમાં લોકપ્રિય વસંતભાઈને અમારી સંસ્થામાં વિકલાંગોના પુનઃસ્થાપન માટે થતું કામ ગમે છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૯ સુધીમાં તેમણે સેરિબ્રલ પાલ્સી સ્કૂલમાં ફિઝિયોથેરાપી, ઓડિયો વિઝ્યુઅલ સેન્સરી ઈકિવપમેન્ટ, હૉસ્પિટલમાં ડિઝિટલ એકસ-રે, પેથોલોજી લેબમાં બાયૉકૅમેસ્ટ્રી એનેલાઈઝર, વી. સી. લોઢાવાળામાં સોનોગ્રાફી માટે એડવાન્સ પ્રોબ તેમજ "અંકુર" મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં રીક્ષા સહાય વગેરેમાં રૂપિયા પચાસ લાખથી વધુનું માતબર દાન આપીને સંસ્થાના ઈન્ફ્રાસ્ટ્રકચરને અપડેટ કરવામાં ઉમદા સહાય કરી છે.

તાજેતરમાં વસંતભાઈ, શકુંતલાબહેન સાથે તેમના સાઢુભાઈ સ્વ. ચંદ્રકાન્તભાઈના પુત્ર રત્ન ધવલભાઈ શેઠને ઘરે ભાવનગર આવ્યા ત્યારે અમારી બીજી મુલાકાત થઈ. ત્યારે હાથે લોઢું હૈયે મીણ જેવા વસંતભાઈનો વિશેષ પરિચય થયો.

# હરિનો મારગ

## વિકૃત માનસિકતા

'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામજો ને.' ભક્ત કવિ નરસિંહ મહેતાના ભજનની આ પંકિત મને બહુ ગમે છે. શાળાજીવન દરમ્યાન મેં ઘણી વખત તે સાંભળેલું. જોકે ત્યારે તેનો ગૂઢાર્થ હું સમજ્યો ન હતો. પરંતુ સાત દાયકાની સમાજસેવાના અનુભવ પછી સારાનરસાં અનુભવો થયા ત્યારે સમજ પડી કે હરિનો મારગ ખરેખર કઠીન છે. તેમાં કાચાપોચા, ડરપોક કે કાયરનું કામ નથી. ભક્ત કવિએ આ બે પંકિતમાં સમાજની વાસ્તવિકતાનો ખરો ચિતાર આપ્યો છે.

'માનવ સેવા એ પ્રભુ સેવા' સમજીને લોકો નિઃસ્વાર્થભાવે સમાજ સેવા કરીને પોતાની સુવાસ ફેલાવે છે. ત્યારે ભાવનાશીલ લોકો તેની પ્રસંશા કરે છે. કોઈ આર્થિક યોગદાન આપીને કૃતજ્ઞતા અનુભવે છે. સમાજની એ એક ઊજળી બાજુ છે. પરંતુ સમાજમાં બધા લોકો સરખા નથી હોતા. કોઈ ઈર્ષાળુ તો કોઈ વિઘ્નસંતોષી પણ હોય છે. આવા દુર્જનો સહયોગ કરવાને બદલે હવનમાં હાડકાંની જેમ કામમાં રોડાં નાખે છે. વિકૃત વાતો ફેલાવવી, કોઈનું ચારિત્ર્યખંડન કરવું, એ તેનું કામછે. તેમાંથી એ પરપીડનનો આનંદ મેળવે છે.

**હરિનો મારગ ખરેખર કઠીન છે. તેમાં કાચાપોચા ડરપોક કે કાયરનું કામ નથી.**

## સજજન સમાજ સંગઠિત બને

ખરેખર તો, સમાજસેવાનું કામ સામા પાણીએ તરવા જેવું છે. સંસ્થાનાં હિતને પ્રાથમિકતા આપવા જતાં કોઈકની નારાજગી વહોરવી પડે. તમે બધાને તો ખુશ રાખી શકો નહીં. આવી નારાજગી કયારેક ભારે પડતી હોય છે. તેમાંથી વેરઝેર ઉત્પન્ન થાય છે. સામેવાળા એકાદ નબળી કડી શોધીને બ્લેક મેઈલિંગ પણ કરે છે. જે વત્તા ઓછા અંશે આપણને નુકસાન કરે છે. તો કયારેક-કોર્ટ-કચેરી, વકીલોના ખોટા ખર્ચના ખાડામાં ઊતરવું પડે છે અને સમયની બરબાદી પણ થાય છે. પ્રતિસ્પર્ધી પોતાના પ્રશ્નને પ્રતિષ્ઠાનો બનાવી દે છે. અને લઈદઈને પાછળ પડે ત્યારે બધાં જ નૈતિક મૂલ્યોને વિસારે પાડી દે છે.

હું આવી યાતનામાંથી ઘણી વખત પસાર થયો છું અને ત્રાગું કરનારા સામે નમતું નહીં જોખવાની કિંમત મેં ચૂકવી છે. આ યાતના બહુ ત્રાસજનક હોય છે એટલે સુધી કે આપણી ઊંઘ ઊડી જાય. જૂઠ ઉપર જૂઠ એવું ચાલે કે, બહારનાં તો ઠીક પરંતુ તમારા પોતાનાં તમને શંકાથી જોવા લાગે ત્યારે મનમાં ઘડીભર પ્રશ્ન થાય કે આપણે આ બધું કરીએ છીએ કોને માટે ? આવા ખરે વખતે સમાજમાં ડાહ્યા કહેવાતા લોકો 'નરો વા કુંજરો વા' ની જેમ ચુપકીદી સેવે છે. ખરેખર સાથે મળીને ષડયંત્રકારોને બેનકાબ કરવા જોઈએ. કમનસીબે તેમ થતું નથી, એટલે સારાસારા લોકો મેદાન છોડી જતા રહે છે. પેલાને તો એટલું જ જોઈતું હોય છે. પરંતુ તેની આ હરકતોથી સમાજને નુકસાન પહોંચે છે. માટે સમાજ વિરોધી દુર્જનો માથું ઊંચકે ત્યારે સજ્જન સમાજે સંગઠિત બનીને અવાજ ઊઠાવવો જોઈએ. અન્યથા લોકોપયોગી સંસ્થાઓ ટકી શકશે નહીં.

**સમાજ સેવાનું કામ સામા પાણીએ તરવા જેવું છે.**

**હું આવી યાતના માંથી ઘણી વખત પસાર થયો છું અને ત્રાગું કરનારા સામે નમતું નહીં જોખવાની કિંમત મેં ચૂકવી છે. આ યાતના બહુ ત્રાસજનક હોય છે એટલે સુધી કે આપણી ઉંઘ ઉડી જાય...**

# યુગાન્તર

## વાસ્તવિકતાનો સ્વીકાર

પી.એન.આર. સોસાયટીમાં હવે પરિવર્તન નક્કી જણાતું હતું. નટવરભાઈને અને મને તેનો અણસાર આવી ગયો હતો. નટવરભાઈનું મન મક્કમ હતું, હજુ તેને ઘણાં કામ કરવા હતાં પરંતુ શરીર સાથ આપતુ ન હતું. આપણાં હૃદયની માફક સમાજસેવી સંસ્થાને પણ ધબકતી રાખવી હોય તો નવા લોહીની જરૂરત પડે છે. તે માટે અમે બંધારણમાં કેટલાંક ફેરફાર કર્યા. નટવરભાઈ ચેરમેનની જગ્યા પરથી ખસી ગયા. ખરા સમયે વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તેમણે દીર્ઘદ્દષ્ટિનો પરિચય કરાવ્યો.

## નવી યુવા ટીમ

સંસ્થાને ટકાવી રાખવા નવી ટીમનાં ગઠબંધનની જરૂરિયાત હતી. કોઈ એક નટવરભાઈ કે બાબાભાઈ ન બની શકે પરંતુ સેવાને સમર્પિત બધાં ભેગા મળીને સરવાળો જરૂર થઈ શકે. એ વાત સૌને ગળે ઉતારી મોટિવેટ કર્યા. પ્રયોગ શરૂ કર્યો. સંસ્થાનાં પ્રમુખ દીપચંદભાઈ ગાર્ડીનું નિધન થતા તેની જગ્યા શશીભાઈ વાધરે લીધી હતી. નટવરભાઈની જગ્યાએ નરેન્દ્રભાઈ કે. શાહને ચેરમેનની જગ્યા માટે પસંદ કરવામાં આવ્યા. તેમણે અને પ્રકાશભાઈ દેસાઈએ મળીને ભરતભાઈ પારેખ, કીર્તિભાઈ સંઘવી, હરેનભાઈ સંઘવી, હર્ષદભાઈ શેઠ, હિતેનભાઈ દલાલ, જીતુભાઈ જે. મહેતા, વગેરે કાર્યકરોની મુંબઈ ટીમ બનાવી. તેમાં નયનભાઈ દલાલ (USA), વામનભાઈ પારેખ, કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા અને પ્રતાપભાઈ પારેખ જેવાં અનુભવી શ્રેષ્ઠીઓનો સાથ મળ્યો. આ સક્રીય ટીમનાં ઘણાખરા કાર્યકર્તા દાતા પરિવારમાંથી આવે છે, જે સંસ્થાની વર્ષોની પરંપરાથી પરિચિત છે તે પ્લસ પોઈન્ટ કહી શકાય.

**કોઇ એક નટવરભાઇ કે બાબાભાઇ ન બની શકે પરંતુ સેવાને સમર્પિત બધા ભેગા મળીને સરવાળો જરૂર થઇ શકે.**

મુંબઈ ટીમનાં ગઠબંધન પછી ભાવનગરની ટીમમાં પણ ફેરફાર કરાયા. પારસ શાહને મારી જગ્યાએ જનરલ સેક્રેટરી તરીકે નિયુકત કરવામાં આવ્યા. અને કિરીટભાઈ રાઠોડ, ધીરૂભાઈ ધંધુકિયા, હર્ષકાંતભાઈ રાખશિયા, મહાસુખભાઈ જકડિયા અને પ્રદીપભાઈ ભટ્ટની સક્રીય ટીમબનાવી. સમયાંતરે તેમાં એ. જી. તન્નારાણા પણ જોડાયા. શશીભાઈ, ગિરીશભાઈ, પંડયાભાઈ, મફતભાઈ વગેરેનો સહયોગ સાંપડયો.

આમ મુંબઈ અને ભાવનગરમાં નવી ટીમનું ગઠબંધન થતાં ચીલાચાલુ ઘરેડમાંથી નવિનીકરણ - ઈનોવેશનની પ્રક્રિયા શરૂ થઈ. સંસ્થાના વિઝન અને મિશનની સ્પષ્ટ સમજ માટે મુંબઈ ઓફિસમાં વર્કશોપનું આયોજન કરાયુ. દાન મેળવવા માટે કોર્પોરેટ ક્ષેત્રનો મહત્તમ લાભ લેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા.



નરેન્દ્રભાઈ શાહ



પ્રકાશભાઈ દેસાઈ



ભરતભાઈ પારેખ



કીર્તિભાઈ સંઘવી



હરેનભાઈ સંઘવી



વામનભાઈ પારેખ



કૃષ્ણકાંત ચિત્તલિયા



હિતેનભાઈ દલાલ



શશિભાઈ વાઘર



હર્ષદભાઈ શેઠ



જીતુભાઈ મહેતા



પારસ શાહ



કિરીટ રાઠોડ



ગિરીશભાઈ શાહ



અનંત એ. શાહ




હર્ષકાંત રાખશિયા



મહાસુખભાઈ જકડિયા



પ્રદિપભાઈ ભટ્ટ



ધીરૂભાઈ ધંધુકિયા



અશ્વિનભાઈ પંડયા



એ.જી. તન્નારાણા

## ચલના જીવનકી કહાની

દરમ્યાન જાન્યુઆરી ૨૦૧૯નાં લોકાર્પણ સમારંભની તૈયારી શરૂ થઈ. દર વર્ષે યોજાતા આ કાર્યક્રમમાં નટવરભાઈ આગ્રહ કરીને મહેમાનોને લઈ આવે છે. આ રંગારંગ કાર્યક્રમમાં મુંબઈ અને દેશ વિદેશના દાતાઓ દાનનો પ્રવાહ વહેવડાવે છે. આ વરસનાં કાર્યક્રમની ભવ્ય ઉજવણી માટે નટવરભાઈ વ્યસ્ત હતા. બરાબર ત્યારે જ તેમની તબિયત લથડી. પરિસ્થિતિ નાજુક બની ગઈ. ઈચ્છા છતાં ભાવનગર આવી શકાય તેમન હતું. હવે શું કરવું? 'કાર્યક્રમ મુલત્વી રાખીએ?' મેં પૂછયું. તે બોલી શકતા ન હતા. બાજુમાં પડેલી તેની બાયોગ્રાફી 'ચલના જીવનકી કહાની' તરફ અંગુલી નિર્દેશ કરીને હળવું સ્મિત કર્યું. 'ગો અહેડ'નો સંકેત આપ્યો. પહેલી વખત નટવરભાઈની હાજરી વગર કાર્યક્રમ ઉજવાયો. સફળ પણ રહ્યો. ત્યાર પછી થોડાં દિવસોમાં તેમનું અવસાન થયું. સંસ્થાને ન પૂરાય તેવી ખોટ પડી.

## નવી ટીમના પડકાર

નટવરભાઈની વિદાય સાથે સંસ્થાનાં સાત દાયકાનો એક યુગ પૂરો થયો. રહયા અમે બે ચાર. તેમની આમ અચાનક અણધારી વિદાયથી ઘડીભર સૌએ મૂંઝવણ અનુભવી. પરંતુ સમયસર નવી ટીમને સુકાન સોંપાયેલું હોવાથી મુંબઈ કમિટીમાં શૂન્યાવકાશ ન સર્જાયો. આવું બધી સંસ્થાઓમાં પણ થયું. બીજી હરોળનો આજ ફાયદો છે.


સંસ્થાનાં નવા નેતૃત્વ સામે હવે નવા પડકારનો કપરો સમય શરૂ થયો. એક તરફ પી.એન.આર. અને ઈમ્પેકટ યુ.કે.ની ૨૮ વર્ષની પાર્ટનરશીપ પૂરી થઈ, બીજી તરફ દાતાઓની પ્રથમ પસંદગીની ઈન્કમટેક્ષમાં ૧૦૦% ફાયદાની 35-A.C. ની જોગવાઈ રદ થઈ. અને તેની જગ્યાએ CSR 'કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી' ની યોજના આવી. ત્રીજી તરફ પી.એન.આર.ને સરકારની સૌથી ઓછી ગ્રાન્ટની સમસ્યા તો હતી જ. આ સંજોગોમાં સંસ્થાનું આર્થિક પાસુ ડગમગવા લાગ્યું. નવી ટીમ સામે દાન મેળવવાનો પડકાર પહેલેથી જ હતો. તે વધુ ગંભીર બન્યો. પરંતુ નાસીપાસ થવાને બદલે પ્રકાશભાઈ દેસાઈએ તેમનો પૂરો સમય ટીમ બિલ્ડિંગ માટે સમર્પિત કરવાનું નક્કી કર્યું. અને નરેન્દ્રભાઈ શાહની આગેવાની નીચે હર્ષદભાઈ શેઠ, ભરતભાઈ પારેખ, હરેનભાઈ સંઘવી વગેરે આવી પડેલા પડકારને ઝીલી લેવા સંગઠીત થયા.

**નટવરભાઈની વિદાય સાથે સંસ્થાના સાત દાયકાનો એક યુગ પૂરો થયો. રહ્યાં અમે બે ચાર.**

**શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) સોસયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ (પી.એન.આર. સોસાયટી)**

**નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કોલેજ કેમ્પસ,**
**સરદાર પટેલ સ્કૂલ પાસે, કાળિયાબીડ,**
**ભાવનગર-૩૬૪ ૦૦૨**
**ફોન નં. :** (0278) 2570126, 2470232
**ઇ મેઇલ :** info@pnrsociety.org















મૈં અકેલા હી ચલા થા, જાનિ બે મંઝિલ મગર,
લોગ સાથ આતે ગયે ઔર, કારવાં બનતા ગયા.

